સહજ-સત્સંગ

અંક : ૨૬૪ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા ડિસેંબર : ૨૦૧૦

બ્રહ્મચારિણી

મા મીરાંબિકા

શ્રદ્ધા પ્રભુ પ્રતિ જેટલી અડગ, શુદ્ધ, ઊર્ધ્વ,
તેટલી પ્રભુકૃપા કરે કાર્ય સ્વરૂપ માહેં પૂર્ણ.

- **શ્રી માતાજી**

It is in proportion to our trust in Divine that
The Divine Grace can act for us and help.

- The Mother

પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૨૩ જૂન ૧૯૧૪)



...અમારામાં તારી શક્તિમાં શ્રદ્ધા ખૂટે છે : અમે હંમેશા એમ વિચારીએ છીએ કે માણસોએ પોતાનાં આ પૂર્ણ રૂપાંતર બની આવે તે માટે તેમના સભાન ચિત્તમાં સંકલ્પ સેવવો જોઈએ..... એ લોકોમાં સંકલ્પનો કરનાર તો તું પોતે જ છે અને એ લોકોનું આખુંએ સ્વરૂપ પ્રકાશિત થઈ જાય તેવો સંકલ્પ તું કરી શકે છે.... હે પ્રભુ, અમે તારી શક્તિને વિશે શંકા રાખીએ છીએ અને એથી જ અમે એને માટે ખરાબ એવા માધ્યમ બનીએ છીએ.....

.... ઓ અમારામાં આ જે શ્રદ્ધા ખૂટે છે તે તું અમને આપ. અમારામાં વિગતની જે નિશ્ચિતતા નથી તે તું અમને આપ.

.....તારા અનંત પ્રેમની ચેતનામાં રહીને અમે એ પ્રેમને... વિશે સભાન રહીને એને સ્વરૂપની અત્યંત ભૌતિક અવસ્થાઓ સાથે સંબંધમાં મૂકી આપીએ.....

અનુક્રમણિકા

શીર્ષક	પૃષ્ઠ
પ્રાર્થનાઓ અને ધ્યાન (સાચી શ્રદ્ધા)	૧
દૈનિક જીવનમાં યોગસાધના (૭) (મુશ્કેલીઓ)	૪
માતૃવાણી (રૂપાંતરની રીત)	૮
ગીતાનિબંધો (ગીતાનો સમગ્ર સંદેશ શું છે ?)	૧૦
માનવવિકાસ ચક્ર (તર્કશક્તિની મર્યાદાઓ)	૧૫
સાવિત્રી (આંતરપ્રેરણાનું સ્વરૂપ)	૧૭
યોગ વિષે પત્રો (મનસ્તત્ત્વનું સ્વરૂપ)	૨૧
ભારતીય સંસ્કૃતિના પાયા (ભારતીય રાજ્યતંત્રનો વિકાસ)	૨૫
ઉપનિષદોનું અમૃત (દેવો અનેક છતાં એક)	૩૧
સુંદર કથાઓ (પ્રેમની જીત)	૩૩
દિવ્ય જીવનનો પયગંબર	૩૪
વિદ્યાર્થીઓને માર્ગદર્શન (જીવન તરફનું વલણ)	૩૬
આગામી-ભાવિ (રમતોત્સવનો હેતુ)	૩૮
વેદવિજ્ઞાન (આખ્યાન રહસ્ય)	૩૯
સાંજના વાર્તાલાપો (ભૌતિક જીવનમાં અતિમનસ યોગ)	૪૧
સર્વાંગી આરોગ્ય (અવચેતનનું રૂપાંતર)	૪૩
શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો અંતઃપ્રજ્ઞાની શ્રેષ્ઠતા	૪૭
કવરપેજ ૧ ઉપરની સમજૂતી	**કવરપેજ ૪ ઉપર**

મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

સહજ-સત્સંગ
અંક : ૨૬૪ વર્ષ : ૨૨
ડિસેમ્બર - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
મો. ૯૮૨૪૩૭૩૯૨૯

સંપાદન સહાયક મંડળ :
હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ' - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.

(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)

ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

સાચી શ્રદ્ધા

સમજૂતી - માનસિંહ ચાવડા

સાધના કરવી હોય તો પોતે તપ કરવું જોઈએ. પોતે નિશ્ચય અને સંકલ્પ સેવવો જોઈએ એવા પુરુષાર્થના વિચારો સાથેના સાધકો ઠેરઠેર જોવા મળે છે. આથી વિરુદ્ધમાં પ્રભુને સાધના કરાવવી હશે તો તે પોતે જ આપણને અનુકૂળ સંજોગો ગોઠવી આપશે, એવા ભાગ્યાધિન મનોવૃત્તિના પણ સાધકો જોવા મળે છે.

ખરેખર અજ્ઞાનવશ જ આવા વિચારો તેઓ કરતા હોય છે. બંને વિચારોનો આધાર તો અજ્ઞાનમય અહંકાર છે, જે એમ માને છે કે અમે પ્રભુથી અલગ અસ્તિત્વ ધરાવતાં, પોતાનું સ્વતંત્ર મનોબળ ધરાવતાં સ્વરૂપો છીએ.

આપણી અંદર રહીને પ્રભુ જ સાધના કરી રહ્યાં છે અને તેને તીવ્ર કરવા તેઓ જ સંકલ્પ સેવી આપણી સાધનાને ગતિ આપતા હોય છે, આ એક વાસ્તવિક ઘટના છે. તે વાસ્તવિકતા ઉપર શ્રદ્ધા રાખવી, તેવું અનુભવવું એ જ સત્યનિષ્ઠા છે. આપણા અને દરેકનાં જીવનની દરેક ઘટનાનું સંચાલન પેલી મહાશક્તિ જ કરતી હોય છે, તો પછી આપણે સંકલ્પ કરવાની જરૂર જ ક્યાં રહે છે?

વાસ્તવિકતા એ છે કે જે આપણને આપણો સંકલ્પ લાગે છે તેની દ્વારા જ પ્રભુ પોતે સંચાલન કરતાં હોય છે અને તેથી આપણે અજ્ઞાનવશ માની લઈએ છીએ કે આપણે સ્વતંત્ર રીતે પોતે જ સંકલ્પ કરી રહ્યાં છીએ.

આ ગેરસમજને કારણે આપણે પ્રભુના સંકલ્પને પૂરેપૂરા સમર્પિત ભાવે સ્વીકારતા નથી અને તેથી તેના કાર્યનાં એક અધૂરાં માધ્યમ અને કરણ બની જઈએ છીએ.

પ્રભુ, અમને સાચી વાસ્તવિકતાની સમજણ આપ. અમે અનુભવીએ કે અમારી દ્વારા તમે જ આવિર્ભાવ પામવા મથી રહ્યાં છો. આવી સમજણ એ જ સાચી શ્રદ્ધા છે.

આંતરિક રીતે હે પ્રભુ, અમે આપની સાથે જે એકરૂપતા અને તાદાત્મ્ય અનુભવીએ છીએ,તે જ તાદાત્મ્ય જ્યારે પ્રભુના અન્ય આવિર્ભાવ સ્વરૂપ વસ્તુઓ અને વ્યક્તિઓ તરફ વહેવા લાગે છે ત્યારે તેને આપનો અનંત પ્રેમ કહેવાય છે. તેવા અનંત પ્રેમ બાબત અમે સભાન બનીએ અને તે પ્રેમને ફક્ત ચૈતસિક કક્ષાએ ન અનુભવતા તેને માનસિક, પ્રાણમય અને ભૌતિક કક્ષાએ પણ અનુભવતા થઈએ એવી કૃપા કરો.

આપનો સંકલ્પ આ રીતે જ ભૌતિક કક્ષાએ પણ આવિર્ભાવ પામવાનો છે. આપનો સંકલ્પ સિદ્ધ થાઓ..... પરમપ્રભુ.....

દૈનિક જીવનમાં યોગ (૭)

- જ્યોતિબેન થાનકી

મુશ્કેલીઓ

જીવન એટલે સંઘર્ષો અને મુશ્કેલીઓ વચ્ચે થતો ચેતનાનો વિકાસ. જીવનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓ આવતી જ રહે છે. એક મુશ્કેલી દૂર થાય ત્યાં બીજી મુશ્કેલી આવીને ઊભી જ રહે છે, જાણે કે જીવન એ મુશ્કેલીઓની હારમાળા ન હોય ! દરેક વખતે મનુષ્યને તેની સામે ઝઝૂમવું પડે છે. ક્યારેક તે થાકી જાય છે, હારી જાય છે, નિરાશ થઈ જાય છે અને ઘણીવખત તો જીવનને ટૂંકાવી દેવાનો રસ્તો પણ વિચારવા લાગે છે. શ્રી માતાજી કહે છે કે ''શક્તિશાળી મનુષ્યો માટે જ મુશ્કેલીઓ હોય છે અને તે તમને વધારે શક્તિશાળી બનાવે છે.''

મુશ્કેલીઓ પ્રગતિ માટે છે :

સામાન્ય રીતે જ્યારે કંઈક અણધાર્યું બની જાય, કોઈ સંકટ ઊભું થાય ત્યારે માણસ હાંફળો - ફાંફળો થઈ દોડધામ કરવા લાગે છે અથવા તો ચિંતાથી ઘેરાઈને હતાશ થઈને બેસી પડે છે અને આશા ગુમાવી બેસે છે. આ સંદર્ભમાં શ્રી માતાજી આપણને સમજાવતાં કહે છે કે,''જો જીવનમાં દરેક વસ્તુ સરળ હોત તો જિંદગી જિંદગી જ નથી. માનવ-આરોહણ કદી સીધુંસટ જોયું છે ખરું ? તે તો વળાંકો લેતું હોય છે. માનવ-પ્રગતિ જ્યારે સીધી રેખામાં થતી હોય ત્યારે જ તે ઊર્ધ્વગામી હોય અને પ્રગતિ થાય છે, તમે તેમ માનો છો ? જો જીવન ઊર્ધ્વમાં આરોહણ કરે ત્યારે તે નીચે પણ ઊતરે છે અને એમ જ ઝડપી પ્રગતિ થતી હોય છે. મુશ્કેલીઓ હંમેશા આપણી પ્રગતિ માટે જ આવે છે. મુશ્કેલી જેટલી મોટી હોય તેટલી પ્રગતિ પણ વધારે. તમારા માર્ગમાં મુશ્કેલીઓ આવે છે, એ જ બતાવે છે કે તમારામાં પ્રગતિ માટેની ખૂબ શક્યતા રહેલી છે.''

શ્રી માતાજી ઉદાહરણ આપીને આ વસ્તુ સ્પષ્ટપણે સમજાવે છે. ધારો કે કોઈ વ્યક્તિ વારંવાર ગુસ્સે થઈ જાય છે. પછી તે નક્કી કરે છે કે તેણે હવે ગુસ્સે થવું જ નથી, પણ આ નિયમનું તે પાલન કરી શકતો નથી અને વારંવાર ગુસ્સે તો થયા જ કરે છે.

પરિણામે તે દુઃખી થઈ જાય છે. શ્રી માતાજી કહે છે કે આ પરિસ્થિતિમાં દુઃખી થવાને બદલે તેણે પોતાની જાતને એમ કહેવું જોઈએ કે આ જગતમાં ક્રોધ તો ફર્યા જ કરે છે. જો હું મારો દરવાજો બંધ કરી દઈશ તો એ અંદર નહીં આવે.'' પરંતુ એમ કરવાને બદલે જો વ્યક્તિ પોતાની જાતને એમ કહ્યા કરે, ''મારો સ્વભાવ જ એવો છે, હું એની સાથે જ જન્મ્યો છું. હવે એના ઉપર કાબૂ મેળવવો મુશ્કેલ.'' તો ખરેખર એ ક્રોધ ઉપર વિજય ક્યારેય મેળવી શકશે નહીં. અલબત્ત, એની અંદર રહેલી કોઈ વસ્તુ ક્રોધને આમંત્રણ આપે છે, એટલે જ બહારથી ક્રોધનાં જે આંદોલનો વાતાવરણમાં ફરતાં હોય છે, તે એના ઉપર હુમલો કરે છે, ઘસી આવે છે અને દ્વાર જેટલું ખુલ્લું, એટલાં એ બળો એની અંદર જલ્દીથી પ્રવેશી જાય છે. જો ક્રોધ, ઈર્ષા, લોભ - આ બધાં પ્રત્યે વ્યક્તિને જરાપણ આકર્ષણ હશે તો તેને ખબર પણ ન પડે તેમ તેની અંદર આ બધાં દાખલ થઈ જાય છે અને વ્યક્તિ ગુસ્સે થઈ જાય છે. પરંતુ જો વ્યક્તિ સંપૂર્ણપણે જાગૃત હશે અને તેણે સભાનપણે ક્રોધ તરફનું બારણું બંધ કરી દીધું હશે, તો તે ક્રોધ ઉપર જરૂર વિજય મેળવી શકશે અને ચેતનામાં એક પગલું આગળ વધી શકશે.''

''મુશ્કેલીઓનો અગાઉથી વિચાર કરવો નહીં.''

ઘણીવખત વર્તમાનમાં કોઈ મુશ્કેલી હોતી નથી, પણ ભવિષ્યની મુશ્કેલીઓની કલ્પના કરીને માણસ દુઃખી થતો હોય છે. ભવિષ્યમાં અકસ્માત, માંદગી, નિષ્ફળતા આવે તો શું કરવું; એને પહોંચી વળવા વ્યક્તિ અગાઉથી તૈયારી કરતી હોય છે. આવી જોગવાઈ કરતી વખતે મનમાં મુશ્કેલીઓ આવશે તો પછી કોઈ ચિંતા ન રહે, એમ માનીને આયોજન કરવા લાગે છે. પરંતુ આ રીતે પણ જો વ્યક્તિ મુશ્કેલીઓનું ચિંતન કરે તો તે મુશ્કેલીઓને અદૃશ્ય રીતે આમંત્રણ આપ્યા બરોબર ગણાય. શ્રી માતાજી આવા વલણ પ્રત્યે સાવધાન કરતાં કહે છે : ''તમે મુશ્કેલીઓને અગાઉથી ધારી ન લો. એ વસ્તુ એમને પહોંચી વળવામાં સહાયક નથી. ઊલટું તે તો મુશ્કેલીઓને તમારી પાસે લાવવામાં સહાયરૂપ બને છે. આપણે રોજ રોજ કોઈપણ જાતની વ્યગ્રતા કે ઉચાટ વગર જ જીવવું જોઈએ. એવી વસ્તુઓ કે જે કદાચ ક્યારેય ન બને, તે માટે પહેલેથી શા માટે ચિંતા કરવી ? મુશ્કેલી વિષે વિચાર કરો, તેનો સામનો કરવાની

તૈયારી કરો; એટલે તમે તેને આવકારો છો, શક્તિ આપો છો અને જો તમે મુશ્કેલી ઉપર એકાગ્ર થશો તો તે ફાલશે, ફૂલશે અને વિચારશે કે હા, તેને બરાબર આવકાર મળે છે. પણ જો તમે ધ્યાન નહીં આપો તો તે તમારામાંથી રસ ગુમાવી દેશે અને ચાલી જશે.'' એટલે મુશ્કેલીનો કદી વિચાર કરવો નહીં, પણ અસાવધ પણ રહેવું નહીં. સતત જાગૃત અને સભાન રહેવાથી ઘણાં પ્રકારની મુશ્કેલીઓમાંથી બચી જવાય છે.

ધ્યેયનિષ્ઠ અને આધ્યાત્મિક જીવનમાં વધારે મુશ્કેલીઓ શા માટે ?

સામાન્ય રીતે જીવનમાં એવું પણ બને છે કે જ્યાં સુધી મનુષ્ય સામાન્ય જીવન જીવે છે, ત્યાં સુધી તેને કોઈ ખાસ મુશ્કેલી નડતી નથી કે જીવનમાં વિરોધ પણ આવતો નથી. બધું સરળતાથી ચાલ્યું જાય છે. પણ જેવો મનુષ્ય સભાનતાપૂર્વક જીવવાનો પ્રયત્ન કરે કે નિશ્ચિત ધ્યેયને પ્રાપ્ત કરવા પ્રયત્ન શરૂ કરે કે તુરત મુશ્કેલીઓની હારમાળા સર્જાવા લાગે છે. તો પ્રશ્ન એ ઊઠે છે કે સામાન્ય જીવનમાં તો મુશ્કેલી નહોતી અને હવે આંતરિક રીતે સાચું જીવન જીવવાનો પ્રયત્ન કરતાં જ આ મુશ્કેલીઓ ક્યાંથી આવી પડી !

શ્રી માતાજી આ વિષે કહે છે કે, ''માણસ જેમ વધારે આધ્યાત્મિક તેમ મોટેભાગે તેને વધારે મુશ્કેલીઓ આવી પડે છે, કેમ કે માણસ જેટલો વધારે ચૈત્ય ચેતનામાં રહે તેટલા વધારે પ્રમાણમાં તેને જગતની આધુનિક પરિસ્થિતિઓ સાથે વિરોધ થાય છે. અને એ તો સ્વાભાવિક છે કે માણસ કોઈ વસ્તુ સાથે વિરોધમાં હોય ત્યારે તેના પરિણામે મુશ્કેલીઓ સર્જાય છે. મેં જોયું છે કે જે લોકો પોતાના ચૈતસિક અસ્તિત્વ સાથે વધારે કે ઓછા ગાઢ સંપર્કમાં હોય તેમને મુશ્કેલીઓ આવી પડે છે.''

પરંતુ પોતાની સાચી ચેતના - ચૈત્યચેતના સાથે જે મનુષ્ય સંપર્કમાં હોય તે સામાન્ય મનુષ્યની જેમ મુશ્કેલીઓથી ભાંગી પડતો નથી. મુશ્કેલીઓને જોવાની તેની દૃષ્ટિ બદલાઈ ગઈ હોય છે, તેથી આવા લોકો આઘાત અનુભવતા નથી. તેઓ અમુક સંજોગોમાંથી પોતાની જાતને પાછી ખેંચી લેવાનું સામર્થ્ય પણ ધરાવતા હોય છે. શાંતિથી, ધીરજથી, આંતરજ્ઞાનથી તેઓ મુશ્કેલીઓને પાર કરીને ચેતનાનો વિકાસ કરે છે.

એ ઉપરાંત જ્યારે માણસ સાધનામાં આગળ વધવા પ્રયત્ન કરે છે, ત્યારે વિરોધી

શક્તિઓ તેના ઉપર હુમલો કરતી રહે છે. દેવતાઓના યજ્ઞમાં અસુરો વિઘ્નો નાખતાં જ રહે છે, પણ અંતે વિજય તો દેવોનો જ થાય છે.

મુશ્કેલીઓ વખતે કેવું વલણ રાખવું જોઈએ ?

મુશ્કેલીઓ આવે ત્યારે વિહ્વળ બની જવાને બદલે માણસે ખુમારીથી કહેવું જોઈએ કે ''હું એટલો મજબૂત છું, એટલે આ મુશ્કેલી આવી છે. એ મને વધુ સમર્થ બનાવીને ચાલી જશે.'' શ્રી માતાજી કહે છે કે જ્યારે તમારા ઉપર કોઈ પ્રહાર થાય ત્યારે તમારે તુરત જ કહેવું કે 'હા, મારે પ્રગતિ કરવાની જરૂર છે અને એમ થાય ત્યારે પ્રહાર આશિષના રૂપમાં ફેરવાઈ જાય છે. તમારું મસ્તક ઝૂકાવી દેવાને બદલે તમે પ્રસન્નતાપૂર્વક ઊંચું રાખો અને કહો કે મારે એ જાણવું છે કે મારે કઈ બાબતોમાં પરિવર્તન કરવાની જરૂર છે ? અને તમે જે શીખવાનું છે, તે શીખી લેશો ત્યારે અનુભવશો કે તમે તમારી ચેતનાનું એક કપરું શિખર ચઢી ગયા છો.''

મુશ્કેલીનો આંતરિક સંકલ્પશક્તિથી સામનો કરવો જોઈએ. સતત સાવધ રહીને, જે પરિવર્તન કરવાનું હોય, તે સ્પષ્ટપણે જોઈ લેવું જોઈએ. આમાં મનના વિચારો ચાલતા નથી, પણ અભીપ્સા, એકાગ્રતા અને સતત આંતરનિરીક્ષણ દ્વારા શું કરવાનું છે, એ જાણી શકાય છે. પછી એ રીતે પરિવર્તન કરતાં મુશ્કેલી પર વિજય મળે છે.

પરંતુ ઘણીવાર એવું બને છે કે એ જ મુશ્કેલી ફરી પાછી ઊભી થાય છે. ઘણીવાર એકની એક મુશ્કેલી વારંવાર આવે છે, ત્યારે એવું લાગે છે કે જાણે આપણે કંઈ પ્રગતિ કરી નથી, હતા ત્યાંના ત્યાં જ છીએ; તો આવે વખતે શું કરવું ? શ્રી માતાજી કહે છે કે આવે વખતે હતાશ થવાને બદલે તમારે ફરી એકાગ્રતા કરીને ભીતરના દ્વારને ઊઘાડવાનું રહે છે. જ્યારે તમારી જાતને તમે એક દીવાલ સમક્ષ જુઓ ત્યારે તમારા માટે કોઈ નવી વસ્તુની શરૂઆત થતી હોય છે. હઠપૂર્વકની એકાગ્રતાથી તમારે આ દીવાલ ઓળંગવાની રહે છે અને જ્યારે તમે આ દીવાલ ઓળંગી જશો ત્યારે નવું જ્ઞાન, નવી શક્તિ, નવું બળ અને નવી સહાય તમને મળશે. પછી તમે એક નવી પદ્ધતિ મેળવી શકશો કે જેના દ્વારા તમે ખૂબ આગળ વધી શકશો.

આ રીતે મુશ્કેલીઓ તો આંતરચેતનાને વિકસાવે છે, મનુષ્યોને ખૂબ ઝડપથી પ્રગતિના માર્ગે લઈ જાય છે. જો મુશ્કેલીઓને પ્રગતિના સોપાન તરીકે ગણવામાં આવે તો મુશ્કેલીઓ આશીર્વાદરૂપ બની જાય છે.

માતૃવાણી

- શ્રી માતાજી

જીવનનું શાસ્ત્ર

અવતરણો

(માતૃવાણી - ૪, પૃ.૪૬-૫૧)

રૂપાંતર કરવાની રીત

પ્રકરણ - ૨

૧ આપણા જીવનમાં પરસ્પર વિરોધી હોય એવી ઘણી અસ્પષ્ટ ઈચ્છાઓ હોય છે. પૃ.૪૬

૨ કેટલાક લોકો સતત એકની એક વસ્તુનું રટણ કરતા હોય છે. પૃ.૪૬

૩ મેં તો મારી સમક્ષ આત્મજ્ઞાન અને પ્રભુનો આદર્શ રાખ્યો છેઃ તો પછી આ કાર્ય મારા આદર્શને અનુરૂપ હતું કે નહિ ? પૃ.૪૭

૪ મને એ પ્રમાણે કરવાનો, વિચારવાનો અધિકાર હોવાનું કયા કારણને આભારી છે ? પૃ.૪૭

૫ તમે જોશો કે એ કોઈ તુચ્છ મિથ્યાભિમાન હશે. પૃ.૪૮

૬ આ રીતે આ આંતરપ્રકાશ સમક્ષ બધી વસ્તુઓને રજૂ કરીને તમે તમારું રૂપાંતર કરી શકશો. પૃ.૪૮

૭ કોઈ એક રાષ્ટ્ર કે જગત, જો આજ રીતની કાર્ય પદ્ધતિ અપનાવે તો માનવજાતને દુઃખી કરતી મોટા ભાગની વસ્તુઓ અદૃશ્ય થઈ જાય. પૃ.૪૮

૮ જગતમાં ખરાબ એવું કાંઈ જ નથી; માત્ર વસ્તુઓ તેમના યોગ્ય સ્થાને નથી. પૃ.૪૮

૯ આમાં બે વસ્તુઓ લક્ષમાં રાખવાની છેઃ ચેતના અને જે સાધનો મારફત ચેતના પોતાની અભિવ્યક્તિ કરે છે તે. પૃ.૪૮-૪૯

૧૦ પ્રતિભાશાળી વ્યક્તિને ગમે તે કોઈ વસ્તુ આવી મળે છે તો પણ એ તેમાંથી કંઈક સુંદર વસ્તુ બનાવે છે. પૃ.૪૯

૧૧ તમારા મસ્તકમાં જો કંઈ જ (વિગતો) નહિ હોય અને વધુમાં તો તમે તમારી ઊર્ધ્વ ચેતના સાથે સંપર્કમાં પણ નહિ હો તો..... તમારે બીજા કોઈના મગજનો ઉપયોગ કરવો પડશે. (પાઠ વાંચી સંભળાવવો પડશે) પૃ.૫૦

૧૨ તમારી રમત તમારી આંતર-ચેતનાના ઉચ્ચત્તમ સ્વરૂપની અભિવ્યક્તિ બની રહે એટલા ખાતર રમવુ જોઈએ. પૃ.૫૧

સમજૂતી - માનસિંહ ચાવડા

માતાજી નવેમ્બર ૧૯૫૦ના બુલેટિનમાંના પોતાના લેખ ''જીવનનું શાસ્ત્ર'' (The Science of living)માંનો એક અંશ વાંચે છે. તેમાં જણાવેલ છે કે -

સ્ખલન વગરની વિવેકબુદ્ધિ વિકસાવવા આપણે આપણી બધી જ ક્રિયાઓ - વિચારો, ભાવનાઓ, પ્રેરણાઓ, કર્મો ને આપણા ઉત્તમોત્તમ આદર્શના ન્યાયાસનના ચુકાદાને અંતિમ ગણી તે સહૃદયથી સ્વીકારવાનો હોય છે અને તેમ જ વર્તવાનું અને જીવવાનું હોય છે.

આપણી ચેતનામાં ગત જન્મોના પરસ્પરવિરોધી અનંત સંસ્કારો હોય છે. તે એકબીજાના સંપર્કમાં, સંઘર્ષમાં, સહકારમાં આવી મનની ક્ષુબ્ધતા નિર્માણ કરે છે. અસંખ્ય અસત્યોનો તે ભંડાર હોય છે.

આ બધાને સંવાદમાં લાવવા માટે આપણી ચેતનામાંના ઉત્તમોત્તમ અંશને આપણે ઓળખી તેના પ્રકાશમાં અન્ય સહુને મૂલવવાની ટેવ પાડવી પડશે. જે તેને અનુરૂપ હશે તે તમારી ચેતના ઉપર પડછાયો નહીં પાડે, જે પ્રતિકૂળ હશે તે પડછાયો પાડશે. જે વસ્તુ પડછાયો પાડશે તે અચૂક રીતે તમે અભાન રીતે જ વિચાર્યા વગર જ કરી હશે એવું તમને નિશ્ચિત જણાશે. તેથી વસ્તુ જ્યારે પણ ફરી જાગૃત થાય ત્યારે સભાન રીતે કરવાનો સંકલ્પ કરો. જ્યારે તમે તેમ કરશો ત્યારે તેની પાછળ રહેલ અહંકાર તમને દેખાશે, જે તમારા આદર્શોથી જુદી રીતે જ વર્તવા અને જીવવાનો આગ્રહ રાખે છે. તે મિથ્યાભિમાની હશે. તેના દુરાગ્રહને વશ ન થતાં, છ મહિનામાં તમે જ તમારામાં ક્રાંતિકારી ફેરફાર જોશો. આવી રીતે જ પોતાના સ્વરૂપનું રૂપાંતર તમારે કરવાનું રહે છે. બધી જ વસ્તુઓ પૂરેપૂરી નકામી હોતી નથી, પણ તેને યોગ્ય સ્થાને ગોઠવેલી હોતી નથી એ જ ભૂલ હોય છે. તેથી તે જરૂરી કરતાં વધારે મહત્ત્વની માગણી કરે છે તેને જ મિથ્યાભિમાન કહે છે.

જગતમાં ખરાબ એવું કાંઈ નથી પણ તે વસ્તુ ખોટી જગ્યાએ મુકાઈ ગઈ હોય છે.

આપણા સ્વરૂપની કાર્ય કરવાની પદ્ધતિ જોશો તો બે વાતો ધ્યાનમાં આવશે- એક અભિવ્યક્ત થવા માગતી ચેતના, બીજું તે ચેતનાની અભિવ્યક્તિ કરનારા

(પૃ.૨૦ ઉપર)

ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

ગીતાનો સમગ્ર સંદેશ શું છે ?

(પૃ. ૬૭૨-૭૦૦)

અવતરણો - પ્રકરણ - ૨૨

૧ (ગીતા) એના સંદેશને સંક્ષેપમાં મૂકવો હોય તો આપણે કહી શકીએ કે - કર્મનું રહસ્ય એ જ જીવનસમગ્રનું રહસ્ય છે. અસ્તિવમાત્રનું રહસ્ય છે. ૬૭૨

૨ વસ્તુમાત્રની અંદર કોઈ અંતરનો સૂક્ષ્મ આધ્યાત્મિક નિયમ અને હેતુ કાર્ય કરી રહેલાં છે. પૃ. ૬૭૨

૩ કર્મનું ખરેખરું સત્ય અંતરમાં પ્રવર્તમાન નિયમમાં રહેલું છે. પૃ. ૬૭૨

૪ તમારો આત્મા દિવ્યતાની મુદ્રાવાળાં કર્મોમાં પોતાને પ્રગટ કરી શકશે. તમારું સાચું સ્વરૂપ પ્રભુ છે, એ જ તમારો આત્મા છે. પૃ. ૬૭૨

૫ આપણી જેવી શ્રદ્ધા હોય છે, તેવા આપણે બનીએ છીએ. પૃ. ૬૭૩

૬ માનવનો 'અહં' પ્રકૃતિની પ્રક્રિયાનું પરિણામ છે. જેવો અહંનો પ્રકાર તેવી તેની સંકલ્પ - શક્તિ હશે અને જેવો સંકલ્પ તેવું કર્મ. બીજું શક્ય જ નથી. પૃ. ૬૭૪

૭ પુરુષ અને 'આત્મા' જીવનનાં સર્વોપરી સત્ય તરીકે પ્રતીત થાય છે. પ્રકૃતિ પોતે પુરુષની શક્તિ છે. પુરુષનું શક્તિ-સ્વરૂપ છે. પૃ. ૬૭૪-૭૫

૮ આપણી પોતાની પ્રકૃતિ તે આપણા આત્માની શક્તિ છે. પૃ. ૬૭૫

૯ આપણું સાચું સ્વરૂપ આપણી બુદ્ધિથી ગુપ્ત રહે છે. પૃ. ૬૭૫

૧૦ આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવા તરફ પ્રભુના સ્પર્શ પ્રત્યે પ્રભુમાં પ્રવેશ કરવાની અંતરાત્માની શક્તિ વિષે જેઓ જાગૃત થઈ શકે છે..... તેઓ પ્રભુના પસંદ કરેલા લોકો છે એમ જાણવું. પૃ ૬૭૬

૧૧ ધાર્મિક જીવન માટે, વ્યક્તિગત મોક્ષને માટે આવશ્યક હોય એવાં કર્મોમાં મર્યાદિત રહેશે તો રૂપાંતરનો એ ઉદ્દેશ સાધી શકાશે નહીં. પૃ ૬૭૭

૧૨ આ યોગનો અભ્યાસ કરવો હોય તો તમારે સત્યની કોઈ એક બાજુનો જ આગ્રહ રાખવાનો નથી. પૃ. ૬૭૮

૧૩ પરમ - દિવ્ય સત્તાની ત્રણ સનાતન સ્થિતિઓ સદા વર્તમાન હોય છે - (ક્ષર, અક્ષર, પુરુષોત્તમ) પૃ. ૬૮૧

૧૪ સમદર્શી બનો..... સઘળી ઘટનાઓનો હૃદયની અને બુદ્ધિની સમતા વડે સ્વીકાર કરો. પૃ. ૬૮૭

૧૫ જો (આમ) તમે કરશો તો કોઈ વિશાળ વિશાળ..... અને ગહન શાંતિમાં તમારી ચેતનાએ આરોહણ કર્યું છે એમ તમને લાગશે. પૃ. ૬૮૮

૧૬ કર્મનું ફળ તમારું નથી, પરંતુ જગતના શાસક પ્રભુનું છે.પૃ. ૬૮૯

૧૭ ત્યાર પછી આ જ્ઞાન પ્રાપ્ત કરો કે તમે શાશ્વત સચ્ચિદાનંદના સનાતન અંશ છો.પૃ. ૬૯૧

સમજૂતી - માનસિંહ ચાવડા

જીવન એ આકસ્મિક રીતે કે ભૌતિક-જડ પદાર્થ ઉપર નિરર્થક ફૂગ તરીકે પ્રગટ થયું નથી, પણ જીવનના આવિર્ભાવ પાછળ ખૂબ જ મહાન આધ્યાત્મિક આયોજન કામ કરી રહ્યું છે. જીવન પોતાનું સત્ય કર્મ દ્વારા પ્રગટ કરે છે, પણ કર્મ એટલે વિશાળ અર્થમાં લેવાનું છે. વિચાર કરવો, ભાવના અનુભવવી, આદર્શો સેવવા, શારીરિક કાર્ય કરવું, અરે ! શ્વાસ લેવો એ પણ કર્મ જ છે. કર્મ વગરનું જીવન શક્ય નથી. સમાધિમાં પણ પરમ-ચેતના સાથે સતત એકરૂપ રહેવાનું કર્મ ખૂબ જ ઊર્ધ્વ-કક્ષાએ ચાલતું હોય છે.

કર્મનું આટલું મહત્ત્વ શા માટે છે ? તેનું કારણ એ છે કે આપણામાંનું આત્મતત્ત્વ કર્મદ્વારા પ્રગટ થવા ઇચ્છે છે. આત્મતત્ત્વની ઓછીવત્તિ અભિવ્યક્તિ એટલે જ જીવન હોવાથી જીવન અને કર્મને જુદાં કરી શકાતાં નથી. અભિવ્યક્તિ એ કર્મ જ છે.

કર્મ આત્માને અભિવ્યક્ત કરી શકે તે માટે શું જરૂરી છે ? તે માટે જરૂરી છે શ્રદ્ધા. શ્રદ્ધાએ જ માનવને જેવો છે તેવો બનાવ્યો છે (યો યઃ શ્રદ્ધઃ સએવ સઃ)

આવી શ્રદ્ધામાં ત્રણ તત્ત્વો આવે છે :

૧ શ્રદ્ધામાં દૃઢ-સંકલ્પ-શક્તિ હોય છે જે જીવનને દોરતી હોય છે.

૨ તે સંકલ્પને અભિવ્યક્ત કરવા આપણે એકાગ્ર બનેલા હોઈએ છીએ.

૩ આપણી પ્રકૃતિ અર્થાત્ મન, પ્રાણ અને શરીર (અર્થાત્ વિચારો, ભાવનાઓ અને કર્મ) તે સંકલ્પને અભિવ્યક્ત કરવા પ્રવૃત્ત થએલાં હોય છે અર્થાત્ સક્રિય બનેલાં હોય છે.

માનવની સંકલ્પશક્તિનું સ્વરૂપ અહંકારના સ્વરૂપ ઉપર આધાર રાખે છે. અહંકાર

જીવનનાં અનુભવોથી ઘડાએલી એક રચના હોય છે અને તે રચના ચેતનાને વિશિષ્ટ રીતે જ પ્રગટ કરવા ટેવાએલી હોય છે. તેથી અહંકાર એક જડ, અફર ચોખટા જેવો બની ગએલો હોય છે, તેથી સંકલ્પશક્તિ પણ તેને અનુરૂપ ઘાટ ધારણ કરે છે.

ચેતના, આત્મા, પુરુષ આ બધા સમાનાર્થી શબ્દો છે. તે જીવનનું સર્વાપરી તત્ત્વ છે. પ્રકૃતિ તેની શક્તિ છે અને સાધન પણ છે, જેનો ઉપયોગ કરીને પુરુષ જીવન તરીકે અભિવ્યક્ત થવા પ્રયત્ન કરતો હોય છે. તે પ્રકૃતિની શક્તિનો આ અભિવ્યક્તિમાં ઉપયોગ કરે છે અને પ્રકૃતિની રચનાનો માધ્યમ તરીકે પણ ઉપયોગ કરે છે. પ્રકૃતિમાં જે સચેતનતા દેખાય છે તે પુરુષને કારણે છે. પુરુષની સંકલ્પ-શક્તિ જ તેને સંચાલિત કરતી હોય છે. તે મૂળભૂત દિવ્ય સંકલ્પ શક્તિ છે.

પણ આ પુરુષ અને તેની સંકલ્પ-શક્તિ માનવની બુદ્ધિને અનુભવાતી નથી, કારણ-

૧ બુદ્ધિ બાહ્યવસ્તુઓ પ્રત્યે વધારે એકાગ્ર બનેલી હોય છે.

૨ પ્રકૃતિની રચના સાથે પુરુષે જે એકરૂપતા ધારણ કરેલી છે તેથી પુરુષ પ્રકૃતિથી અલગ અને ઊર્ધ્વમાં રહેલ છે તે બાબત બુદ્ધિ અભાન રહે છે.

૩ મન, પ્રાણ અને શરીરનાં સતત ચાલતાં કાર્ય સ્વરૂપ, વિચારો, ભાવનાઓ અને કર્મનો પ્રવાહ આત્માની તેની દ્વારા થતી અભિવ્યક્તિને ઢાંકી રાખે છે. બુદ્ધિ તેમને પોતાના, વિચારો ભાવનાઓ અને કર્મો તરીકે જ જોય છે.

પુરુષ તત્ત્વ ફક્ત વ્યક્તિગત કક્ષા જ ધરાવતું નથી, પણ વૈશ્વિક અને વિશ્વાતીત કક્ષામાં પણ પુરુષ છે જ; તેથી તેની શક્તિસ્વરૂપ સંકલ્પશક્તિ પણ વૈશ્વિક અને વિશ્વાતીત કક્ષાની પણ છે. વૈશ્વિક કક્ષાએ એવું લાગે છે કે વિશ્વપુરુષ અને વિશ્વપ્રકૃતિ જુદાં જુદાં છે અને વિશ્વપુરુષ પ્રકૃતિદ્વારા અનંત વ્યક્તિ સ્વરૂપો મારફત પોતે અભિવ્યક્ત થવા પ્રયત્ન કરી રહ્યો છે. વિશ્વાતીત કક્ષાએ એવું લાગે છે કે પુરુષ અને પ્રકૃતિ બન્ને જુદાં નથી, પણ એક જ ચેતાનાનાં બે સંલગ્ન પાસાં છે, ત્યાં પુરુષ સિવાય કાંઈ દેખાતું નથી અને તે પુરુષ જ સંકલ્પશક્તિથી પોતાનાં જ અનંતરૂપો સર્જી રહ્યો છે એવો અનુભવ આવે છે.

આ સંકલ્પશક્તિની વાત થઈ. હવે તે સંકલ્પને વ્યક્ત કરવા જે એકાગ્રતાની જરૂર છે તે વિષે વાત કરીએ. એકાગ્રતા વખતે એક શ્રદ્ધા હોય છે, વિશ્વાસ હોય છે, ખાતરી હોય છે કે આપણે પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકીશું, તેને આપણા જીવન દ્વારા પ્રગટ કરી શકીશું. આવી જેમને પૂરેપૂરી ખાતરી થએલી હોય છે તેમને પ્રભુએ પસંદ કરેલાં હોય છે.

હવે આપણા વિચારો, ભાવનાઓ અને કર્મો જે માટે સક્રિય બનેલાં હોય છે, તે ત્રીજી બાબતનો વિચાર કરીએ. તે બધાં જ પ્રકૃતિનાં રૂપાંતરની પ્રક્રિયાને સાધવા માટે સક્રિય બનેલાં હોય છે. આ રૂપાંતરનો મુખ્ય સિદ્ધાંત કે તત્ત્વ નીચે મુજબનો છે. જીવનમાં કોઈપણ વસ્તુનો સ્વીકાર કરો તે, તે વસ્તુ પસંદ છે માટે નહીં પણ પ્રભુને તેની દ્વારા વ્યક્ત કરવા જ સ્વીકારો. પ્રભુને વસ્તુ દ્વારા પ્રગટ કરવા માટે તે વસ્તુ પણ પ્રભુનું જ સ્વરૂપ છે,

એમ સમજો અને અનુભવો. તે વસ્તુને પ્રભુની પ્રસાદી તરીકે પ્રભુને અભિવ્યક્ત કરવા જ વાપરો. પણ ભાવ એવો રાખો કે પ્રભુ પોતે જ આ બધાનું આયોજન કરી રહ્યાં છે. આ રીતે પોતાના વિચારોને અર્થાત્ જ્ઞાનયોગને, પોતાની ભાવનાઓને અર્થાત્ ભક્તિયોગને અને પોતાના કર્મોને અર્થાત્ કર્મયોગને આ કરતી વખતે સંવાદમય સ્થિતિમાં ગોઠવો.

આવી રીતે પ્રકૃતિનાં અનંતવિધ રૂપો દ્વારા પ્રભુ જ અભિવ્યક્ત થઈ રહ્યાં છે એવો વાસુદેવ સર્વમિતિનો ભાવ સતત ધારણ કરવાનો પ્રયત્ન કરો. તેમાં પોતાની સંકલ્પશક્તિ અને શ્રદ્ધાને જોતરો.

- પણ એવી પણ શ્રદ્ધા રાખો કે આ બધી અભિવ્યક્તિઓમાં જ પરમતત્ત્વ, પુરુષોત્તમ સમાઈ જતા નથી. તે વ્યક્ત છે તેમ અવ્યક્ત પણ છે. તે વ્યક્ત અને અવ્યક્ત એવી નિશ્ચિત અવસ્થામાં બંધાતો નથી. તે બધું થઈ શકે છે અને છતાં બધાંથી પર પણ છે.

આવી રીતે પુરુષોત્તમ ચેતના એકી વખતે ત્રણ અવસ્થામાં હોય છે :

૧ આ જગતનાં વિવિધ રૂપો દ્વારા પ્રગટ થતો ક્ષરપુરુષ.

૨ આ વ્યક્ત જગતના આધાર સ્વરૂપે રહેલો શુદ્ધ 'નિરાકાર' અવ્યક્ત અસ્તિત્ત્વ સ્વરૂપ અક્ષરપુરુષ.

૩ વ્યક્ત અને અવ્યક્ત બન્ને સ્વરૂપોથી પર રહેલું પાયારૂપ નિગૂઢ સ્વરૂપ, જે આ બન્ને સ્વરૂપો દ્વારા એકી વખતે પ્રગટ થઈ રહ્યું છે પણ તેમાં બંધાતું નથી; તેવું પુરુષોત્તમ સ્વરૂપ.

હવે આપણે આ ઉપર જણાવેલી ક્ષર - અક્ષરની દ્વિવિધ વાસ્તવિકતાઓ પૈકી પોતાના વિકાસાનુસાર કોઈ પણ એકમાં હાલના તબક્કે જીવન ધારણ કરી શકીએ છીએ પણ અંતે પુરુષોત્તમની ચેતનાની કક્ષાએ તો પહોંચવાનું જ છે અને તે શક્ય છે; પછી ભલે આજે આપણી પ્રકૃતિ અધોગામી વલણ ધરાવી રહી હોય ! તેને ઊર્ધ્વગામી કરવી એ જ સાધના છે, તે જ રૂપાંતરની પ્રક્રિયા છે.

આ પ્રકૃતિની અધોગામી પ્રવૃત્તિને ખાળવી કેવી રીતે ? તે માટે નીચે મુજબની સાધના કરો-

૧ મનોમય સંકલ્પથી તેનો વિરોધ કરશો તો તેની પ્રચંડ શક્તિ આપણા સંકલ્પને ભાંગી નાંખશે. તેથી ગીતા જણાવે છે કે સમદર્શી બનો. જીવનમાં જે કાંઈ બને, પસંદ-નાપસંદ બધાંને સમતાથી સ્વીકારો (સમત્વં યોગ ઉચ્યતે)

૨ આવી રીતે સમતા પ્રાપ્ત કર્યા પછી પણ પ્રકૃતિનાં કાર્યો તો ચાલુ જ રહેશે. તે કાર્યના પોતે કર્તા નથી ફક્ત દૃષ્ટા છે એવો ભાવ હવે કેળવવાની શરૂઆત કરો. તેવા ભાવ સાથે તે કર્મને અનુભવતા શીખો. તેને કારણે ચેતનાની એક વિશાળતામાં, અસીમતામાં, પ્રશાંતિમાં તમને પ્રવેશ મળશે. તે વખતે પ્રભુની હાજરી અને સમીપતાનો, સ્પર્શનો

તમને અનુભવ આવવા માંડશે. શુદ્ધ સનાતન બ્રહ્મનો, નીરવ બ્રહ્મનો અનુભવ આવશે. અમરતાનો ભાવ અનુભવાશે.

૩ આ નીરવ બ્રહ્મનો સાક્ષાત્કાર એ પણ અંતિમ તબક્કો નથી. તે ફક્ત પુરુષોત્તમની- અક્ષરબ્રહ્મની બાજુની અનુભૂતિ છે. તે નિષ્ક્રિય પાસાની જ અનુભૂતિ છે. હવે તેની સાથે સક્રિય પાસાને ક્ષરપુરુષની અનુભૂતિને પણ જોડવાની છે. તે માટે સર્વત્ર સક્રિય રહેલ એવા આત્મતત્ત્વને પણ સાથેસાથે અનુભવવાનો અભ્યાસ કરો. યાંત્રિક રીતે પ્રકૃતિ જે કાર્ય કરી રહી છે તેની પાછળ તમને પરમાત્મા પોતે ગૂઢ રીતે કાર્ય કરતા દેખાવા માંડશે. તમને અનુભવાશે કે દરેક વસ્તુના અંતરમાં પ્રભુ બિરાજેલાં છે અને તે જ તેને દોરી રહ્યાં છે.

આવા સાક્ષાત્કારને પ્રાપ્ત કરવા માટે જીવનમાં નીચેની વસ્તુઓ કરવી જરૂરી છે :

૧ કર્મનાં ફળની આસક્તિ છોડવી પડશે. તે માટે પ્રભુ જ મારી દ્વારા કાર્ય કરે છે અને તે પોતે જ ફળ ભોગવે છે એવો ભાવ રાખવો જરૂરી છે.

૨ કર્મ કરતી વખતે કર્તાનો ભાવ છોડી દો. તે માટે કર્મો પણ પ્રભુ જ કરી રહ્યાં છે એવો જે ભાવ ધારણ કરેલો છે, તે જ મદદરૂપ થશે.

૩ કર્મ પ્રત્યે પણ આસક્તિ ન રાખો, વૈશ્વિક યજ્ઞના તે ભાગરૂપ છે એમ માનો અને તેનું આયોજન પ્રભુ જ કરી રહ્યાં છે એમ માનો. જ્યાં સુધી પ્રભુની ઇચ્છા હશે ત્યાં સુધી સહજ રીતે કર્મ કરવાં. બંધ પડી જાય તો ઈશ્વરેચ્છા માની વિરામ પામવું. પોતે કર્મનું એક કરણ છે તેમ બીજા પણ છે, એ વાસ્તવિકતા સ્વીકારવાની ટેવ પાડો.

૪ કર્મોનો ઉદ્દેશ પ્રભુની ચેતનામાં રહી પ્રભુને પ્રગટ કરવા એ જ છે. એ સત્ય અનુભવો. જ્યારે આ અનુભવ બન્ને રીતે સ્થિર થશે ત્યારે તમારા કર્મો દિવ્ય બની ગએલાં હશે. કર્મત્યાગ દ્વારા મુક્તિ કરતાં દિવ્ય-કર્મો દ્વારા મુક્તિ એ શ્રેષ્ઠ માર્ગ છે. તે વધારે પૂર્ણતાવાળો છે.

૫ ફક્ત પ્રભુનું જ જ્ઞાન અને પ્રભુનું કાર્ય એ જ કાંઈ સર્વાંગી પૂર્ણતા નથી. આપણા હૃદયમાં પણ પ્રભુને પ્રગટ કરવાનાં છે. હૃદય આનંદ ઝંખે છે, કારણ પ્રભુનું તે પણ એક સ્વરૂપ છે. તે પ્રેમ અને આનંદસ્વરૂપે હૃદય દ્વારા પ્રગટ થવા ઇચ્છે છે. પ્રભુના વ્યક્ત, અવ્યક્ત, સાકાર, નિરાકાર, સગુણ-નિર્ગુણ બધાં જ સ્વરૂપો સાથે એકરૂપતા સાધવી એ જ પ્રેમ છે. કારણ પ્રેમનું, આનંદનું અંતિમ પર્યાવસાન એકરૂપતા જ હોય છે. આને જ ગીતા 'મદ્-ભાવમાગતઃ' કહે છે. મારા સ્વરૂપ થવું એમ જણાવે છે. તેમાં માનવ-સ્વરૂપનાં બધાં તત્ત્વો પોતાનો સ્વભાવ-ધર્મ છોડીને પ્રભુરૂપ બની જાય છે. આ છે 'સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણં વ્રજ'

આ જ પરમ-ગતિ છે. આ જ ગહનમાં ગહન અંતરંગ સત્ય છે અને તે જ ગીતાનો સમગ્ર ઉપદેશ છે.

માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **કે.કે.ખખ્ખર**
(લેખ ક્રમાંક - ૧૮)

તર્ક - શક્તિની મર્યાદાઓ

શ્રી અરવિન્દે આપણને સમજાવ્યું છે કે માત્ર ઉપયોગિતાવાદી તર્કની મદદથી વ્યક્તિ જ્યારે પોતે અગાઉથી નક્કી કરી લીધેલા વિચાર, મત કે અભિપ્રાયને સત્યનું સ્વરૂપ આપે છે, ત્યારે આ સત્ય ખરું નહીં પરંતુ વિકૃત બનાવી મૂકવામાં આવેલું સત્ય હોય છે. આવી વ્યક્તિને થોડા સમય માટે, પોતાને સિદ્ધ થએલાં ભ્રામક સત્યનાં આધારે, સમાજમાં પોતાના સ્થાન કે દરજ્જાને ઊંચો લઈ જવામાં સફળ થઈ હોવાનું પણ જણાશે, પરંતુ તે ક્ષણજીવી સાબિત થાય છે. આવી, કહેવાતી સફળ વ્યક્તિ ખુદ નિરાશામાં ધકેલાઈ જાય છે. શ્રી અરવિન્દ તેની નિરાશાના કારણને શોધી આપતા લખે છે કે વ્યક્તિની કહેવાતી સફળતા જ્યારે ખૂબ નીચા સ્તરના અને વિવેકહીન જીવન સાથેની સમજૂતી કે સમાધાનોથી જીવવામાં આવતું જીવન વૈભવી હોવા છતાં સુખી નથી હોતું. આવા જીવનની ઉપયોગિતામાં તેની જાતે જ આપોઆપ ઘટાડો થઈ જાય છે. ઉપયોગિતાવાદી વ્યક્તિ પોતાના જીવનને કદાચ સફળ સમજે તો પણ આવું જીવન જીવનાર વ્યક્તિ જીવનની સાર્થકતાનો અનુભવ કરી શકતી નથી તેમ શ્રી અરવિન્દ ઉમેરે છે. તેઓ આગળ ચાલતા લખે છે કે સ્વાર્થથી જીવવામાં આવતું જીવન ગમે તેટલું તર્કબદ્ધ હોય તો પણ તેથી જીવનના જટિલ સ્વરૂપને પામી શકાતું નથી કે અંકુશિત કરી શકાતું નથી.

આમ છતાં, શ્રી અરવિન્દ તાર્કિકતાની એક મહત્ત્વની લાક્ષણિકતા તરફ આપણું ધ્યાન દોરતા જણાવે છે કે તર્ક-બુદ્ધિ ખૂબ ક્રિયાશીલ હોય છે. વારંવાર નિષ્ફળતાનો ભોગ બનતી તાર્કિકતા જ્ઞાનની શોધનું મૂળ કાર્ય તો ચાલુ જ રાખતી હોય છે. તર્કશક્તિનો ઉપયોગ ખૂબ ધીરજપૂર્વક, નિષ્પક્ષપણે અને માત્ર નિર્લેપ જ્ઞાનપ્રાપ્તિ માટે જ કરવામાં આવે; ત્યારે દર્શનશાસ્ત્ર, કલા, વિજ્ઞાન અને સર્જનાત્મક સાહિત્યનો વિકાસ થયા વગર રહેતો નથી.

પરંતુ, શ્રી અરવિન્દ જ્ઞાનપ્રાપ્તિના ક્ષેત્રે તર્કની મર્યાદાને ખૂબ સૂક્ષ્મપણે દર્શાવી આપે છે અને કહે છે કે અત્યાર સુધી સર્જનાત્મક સાહિત્ય, જ્ઞાન-વિજ્ઞાન, દર્શનશાસ્ત્ર કે

કલાના ક્ષેત્રે જે કંઈ વિકાસ થયો છે તે તેના બાહ્ય સ્વરૂપમાં જ થઈ શક્યો છે. સત્યનાં વિશાળ અને ગૂઢ સ્વરૂપને પામવાની તર્કશક્તિની ચોક્કસ મર્યાદા છે. અતિ વિશાળ અને ગૂઢ સત્યને માત્ર બૌદ્ધિક તર્કની મદદથી પામી શકાય નહીં. આ તર્કની આ પ્રકૃતિગત મર્યાદા છે. આથી જ શ્રી અરવિન્દ અવારનવાર આપણું ધ્યાન દોરતા લખે છે કે બૌદ્ધિક તર્ક સારો સેવક થઈ શકે, તે જીવન સમગ્રનો સ્વામી થઈ શકે નહીં.

શ્રી અરવિન્દ સ્પષ્ટ કરે છે કે મનુષ્ય તર્ક-બુદ્ધિના સીમિત - મર્યાદિત - વ્યવહારથી લાંબો સમય સંતુષ્ટ રહી શકતો નથી. તે હંમેશા પોતાની સંભાવનાઓને ચરિતાર્થ કરવા, તેના નિજ-તત્ત્વને પ્રાપ્ત કરવા તથા હજુ સુધી અપ્રગટ રહેલી વસ્તુઓને અને તેના સત્યને પ્રાપ્ત કરવા હંમેશા ઈચ્છા કરતો હોય છે. આવી ઈચ્છા અદમ્ય ઝંખના બને અને જ્ઞાન કે સત્યને પ્રાપ્ત કરવા વધુ ઉચ્ચ પ્રયાસ કરવા અગ્રેસર બને, ત્યારે તર્કનું કાર્ય પૂરું થતું જણાય છે. હવે પરાપૂર્વના સંસ્કારો સાથે જકડાયેલા જ્ઞાન સાથેનો તર્કનો સંબંધ પૂરો થઈ જાય છે. શ્રી અરવિન્દ ત્યાં સુધી કહે છે કે ભૌતિકવિજ્ઞાન અને દર્શનશાસ્ત્ર, કલા અને સાહિત્ય ઈત્યાદિ પણ ખરા અર્થમાં પક્ષપાતરહિત હોતા નથી. તે પોતાનાં જ વિચારો, વિધાનો અને અગાઉથી બાંધેલી ધારણાઓથી જકડાયેલાં હોય છે. આથી જ આ શાસ્ત્રો જીવનની સૂક્ષ્મ જટિલતાઓને સર્વાંશે પોતાની પક્કડમાં લાવી શકતા નથી.

શ્રી અરવિન્દ આગળ ચાલતા જણાવે છે કે આદર્શવાદી વિચારક, કવિ અને કલાકાર, ફિલસૂફ અને ખુદ સદાચારી વ્યક્તિ પણ વાસ્તવમાં અગાઉથી જ ગૃહિત વિચારોના જગતમાં નિવાસ કરતા હોય છે. જ્યારે તેઓ ખૂબ નજીકથી વ્યવહારિક જીવનનો સામનો કરે છે, ત્યારે પોતાને અસહાય અનુભવે છે. અલબત્ત, આવી વ્યક્તિઓ પ્રભાવશાળી હોય છે અને તેમનાં કાર્યોની અસરો પણ પડતી હોય છે; પરંતુ તેઓ જેવા પોતાના વિચારો કે આદર્શોને નિયમ કે વિધાનના રૂપમાં બાંધવા માંડે કે તુર્ત જ તેમની નિષ્ફળતાનો પ્રારંભ થઈ જાય છે.

શ્રી અરવિન્દ આપણી ઉપર્યુક્ત મુશ્કેલીનું પાયાનું કારણ સ્પષ્ટ કરતાં જણાવે છે કે માનવ-જીવનના આધાર તરીકે કોઈ એવું અનંત તત્ત્વ કાર્યરત હોય છે કે જેને સામાન્ય બુદ્ધિ અને તર્ક ક્યારેય પોતાના અંકુશ નીચે લાવી શકશે નહીં. સીમાબદ્ધ વસ્તુ દ્વારા અનંતનો તાગ ક્યારેય મેળવી શકાતો નથી. તર્ક હંમેશા નિશ્ચિત કે સીમાબદ્ધ વસ્તુઓ પર સફળતાપૂર્વક કાર્ય કરી શકે છે. ભલે તર્ક-બુદ્ધિ માનવજીવનના નિયામક તરીકે કાર્ય કરવા મથામણ કરી રહી હોય, પરંતુ આ કાર્ય તે માત્ર મંત્રી કે સચિવ તરીકે કરી શકશે; નહીં કે સ્વામી તરીકે. માનવસમાજે જે સત્યની પ્રાપ્તિ કરવાની છે તે સત્ય તર્કાતીત છે.

સાવિત્રી

- શ્રી અરવિંદ

સમજૂતી - માનસિંહ ચાવડા

Savitri B-1, C-3 P 38

આંતરપ્રેરણાનું સ્વરૂપ

પ્રકરણ - ૯૯

One glance could separate the true and false
Or raise it rapid tourch-fire in the dark
To check the claimant crowding through minds gate
Covered by the forged signatures of the gods
Detect the magic bride in her disguise
Or scan the apparent face of thought and life.

અશ્વપતિની પ્રજ્ઞા જાગૃત થવા માંડી છે. પ્રજ્ઞા આપણી ચેતનાની એવી ક્ષમતા છે, જે આંતરિક રીતથી બધું જ સીધેસીધું જાણી શકે છે. તે જાણવાની વસ્તુ સાથે એકરૂપ થાય છે અને તે વસ્તુમાંનું આંતિરક સત્ય પોતામાં સ્વીકારી લે છે અને તેને સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે પ્રગટ કરવાની ક્ષમતા પણ ધરાવે છે. જ્ઞાનાર્જન અને જ્ઞાનને પ્રગટ કરવું બન્નેમાં તે સ્વયંપૂર્ણ છે. આને શ્રી અરવિન્દ "knowledge by identity" કહે છે. તાદાત્મ્ય દ્વારા જ્ઞાન કહે છે. અહીં તેને શ્રી અરવિન્દ "intuitive discernment" અર્થાત્ આંતરિક વિવેકશક્તિ કહે છે. આ ક્ષમતાની વિશેષતા તેઓ જણાવી રહ્યાં છે :

(૧) તેની પ્રથમ વિશેષતા એ છે કે એક જ દૃષ્ટિક્ષેપમાં તે સત્ય અને અસત્યોને અળગાં પાડીને સત્યને જ પસંદ કરી લે છે. સત્ય શોધવા તેને પુરાવા, તર્ક કે વિચાર, ચિંતનની કોઈ જરૂર રહેતી નથી. તેનું દર્શન અચૂક અને સ્પષ્ટ જ હોય છે.

(૨) વસ્તુ કેટલી પણ અજાણી હોય, આજ સુધી અજ્ઞાત હોય તો પણ તેની વિવેક-શક્તિનો પ્રકાશ તે વસ્તુ માટેના અજ્ઞાનને વીંધીને તેની સત્ય સમજણ આપી દે છે; જાણે તેની પાસે સત્ય-પ્રકાશની બેટરી ન હોય !

(૩) મનમાં તે વસ્તુને સમજવા માટે વિવિધ વિકલ્પો બુદ્ધિ રજૂ કરતી હોય છે.

તે વિકલ્પોને બુદ્ધિ ગુણવત્તાના ધોરણે ચકાસે છે અને અંતે તે પૈકી એક વિકલ્પ સાચો છે, એવો પોતાનો નિર્ણય જાહેર કરે છે. દરેક વિકલ્પ પોતે સાચો જ છે એવો ભાસ નિર્માણ કરે છે- જાણે કોઈ દેવતાની સહીની નકલ કરીને ખોટો ચેક પાસ કરાવવા પ્રયત્ન ન કરે તેવો તેનો પ્રયત્ન હોય છે ! ખોટાને શ્રદ્ધાના જોરે સાચો ખપાવવા પ્રયત્ન થાય છે.

(૪) અથવા કોઈ વિકલ્પ તદ્દન ખોટો જ હોય છે, પણ એવી ભાષામાં વ્યક્ત થએલો હોય કે જાણે સત્ય જ છે ! શ્રી અરવિન્દ કહે છે કે કોઈ રાક્ષસ-કન્યા પોતાની માયાવી-શક્તિથી સોહામણું રૂપ લઈને પોતાની પસંદગી કરાવવાના પેંતરા રચતી હોય એવી આ ચાલ હોય છે.

(૫) છેલ્લે, આ પ્રજ્ઞાશક્તિ તો Scanning - machine જેવી છે. તે મન અને પ્રાણના બાહ્ય આભાસોથી છેતરાયા વગર તેનું આંતરિક સત્ય તત્કાળ ઓળખી લે છે.

Off inspiration with her lightening feet,
A sudden messanger from the all seeing tops,
Traversed the soundless corridors of his mind
Bringing her rhythmic sense of hidden things.

ઘણી વખત તો પ્રજ્ઞાબુદ્ધિ એટલી વિદ્યુતગતિથી સત્યને ઓળખી લે છે કે આપણને પણ આશ્ચર્ય થાય છે ! આવે વખતે આંતરપ્રેરણાના જોરે તે તત્કાલિક નિર્ણય લઈ લે છે અને તે અચૂક હોય છે ! આ આંતર-પ્રેરણા જાણે ઊર્ધ્વનાં પ્રદેશોમાંથી આવેલા કોઈ દૂત જેવી હોય છે ! ઊર્ધ્વનાં પ્રદેશોમાં એવી જગ્યા છે, એવાં શિખરો છે; જ્યાંથી દુનિયામાંનું બધું જ તેમની નજરે ચડે છે. ત્યાંથી છાનું રહેતું જ નથી - તે "all-seeing tops" હોય છે.

આવી આંતરપ્રેરણાની એક ખાસિયત છે. તે નીરવ-મન હોય તો જ નીચે બુદ્ધિમાં અવતરણ પામી શકે છે. ચંચળ, વ્યગ્ર મન હોય તો તે જેમ સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય તેમ ઢંકાઈ જાય છે અને નીચે પોતાનો પ્રભાવ પાડી શકતી નથી. જાણે નીરવ-મનનું માધ્યમ તેને વહન થઈ નીચે આવવા જરૂરી વસ્તુ છે !

બીજી વિશેષતા કે ખાસિયત એ છે કે તે વસ્તુને મન કે બુદ્ધિની જેમ સ્વતંત્ર વસ્તુ તરીકે ન જોતાં પ્રભુનાં સમગ્ર આયોજનમાંના એક સુસંગત ભાગ અને અંશ તરીકે જોય છે. તેને કારણે આંતરપ્રેરણની સત્યતા વધારે સમગ્ર બની જાય છે. તે વધારે

ઊંડાણમાંનાં ગુપ્ત સત્યને પામે છે, "hidden thing"ને પામે છે. સમગ્ર સત્ય સાથેની સુસંગતતાને શ્રી અરવિન્દ અહીં "rhythmic sense" તરીકે વર્ણવે છે.

A music spoke transcending mortal speech.
As if from a golden phial of the All-Bliss,
A joy of light, a joy of sudden sight,
A rapture of the thrilled undying Word
Poured into his heart as into an empty cup,
A repetition of God's first delight
Creating in young and virgin Time.

આવી પ્રજ્ઞાબુદ્ધિ જ્યારે ભાષા દ્વારા પ્રગટ થવા લાગે છે ત્યારે તે ભાષામાં પણ મધુરતા, સત્યનો રણકો અને એક આત્માનું સંગીત શ્રોતાઓ, શ્રાવકો સાંભળે છે. તે શબ્દો તેમનાં હ્દયને સ્પર્શી જાય છે. આ સ્પર્શ સામાન્ય શુષ્ક-બૌદ્ધિક ભાષામાં જરા પણ હોતો નથી. આ સ્પર્શ હોવાનું કારણ એ હોય છે કે તે જ્ઞાનને આંતરિક આનંદનો સ્પર્શ મળેલો હોય છે. તે આનંદમય કોષમાંથી આવી મળેલા ઝરણાની મધુરતા હોય છે, જે સર્વાંગપૂર્ણ રીતે આનંદમય જ, "all-Bliss" જ હોય છે. આંતરપ્રેરણા પોતે વિજ્ઞાનમય કોષમાંથી ઊતરી આવેલું એક જ્ઞાનમય આંદોલન હોય છે, જે વીજળીની જેમ બુદ્ધિને પ્રજવાળી જાય છે. વિજ્ઞાનમય કોષે આનંદમય કોષને પોતામાં ધારણ કરી રાખેલો હોય છે. વિજ્ઞાનમય કોષનો પ્રકાશરંગ સુવર્ણમય અને આનંદમય કોષનો હીરક પ્રકાશ છે, તેથી જાણે હીરક પ્રકાશમય આનંદના દ્રાવણને સુવર્ણમય વિજ્ઞાનમય કોષરૂપી શીશીએ ધારણ કરી રાખેલ હોય એવું દૃશ્ય સર્જાય છે ! Phial એટલે શીશી. આ વિજ્ઞાનમય શીશીમાં જ્યારે હીરક-આનંદ નીચે અંતકરણમાં ઠલવાય છે ત્યારે ત્યાં જ્ઞાનના ઝબકારાનો એક આનંદ પ્રગટે છે. ત્યાં સમજણનો પ્રકાશ ફેલાય છે. તે આંતરપ્રેરણાને લીધે જે સમગ્રતાનું દર્શન થાય છે તે પણ ખૂબ આનંદ ઉપજાવે છે, રોમાંચ અનુભવાય છે. તેને શ્રી અરવિન્દ "Joy of light" કહે છે. આવું - સ્વયંસ્ફૂર્ત જ્ઞાન એ સનાતન જ્ઞાનનો જ અંશ હોય છે, તેથી શ્રી અરવિન્દ તેને "undying Word" કહે છે. તે જ્ઞાનની પ્રાપ્તિથી હર્ષ અને રોમાંચ અનુભવાય છે.

પણ આ સમગ્ર પ્રક્રિયા ત્યારે જ શક્ય છે જ્યારે સાધકનું ચિત્ત, તેનું અંતઃકરણ, પોતે બુદ્ધિથી મેળવેલ જ્ઞાનનું અભિમાન છોડી પોતાને તદ્દન અજ્ઞાની સમજી પ્રભુની

શરણાગતિ સ્વીકારે અને તેને જે કાંઈ આપવું હોય તે આનંદથી અને શ્રદ્ધાથી સ્વીકારવા તૈયાર થઈ જાય. તેના હૃદયમાં શુદ્ધ, નીરવ, ગ્રહણશીલતાનું વાતાવરણ જામેલું હોવું જરૂરી છે. વર્ષા પહેલાં જેમ સમગ્ર સૃષ્ટિ એકાગ્ર બની જાય છે, વૃક્ષો અભીપ્સાપૂર્ણ બની જાય છે; તેમ અંતઃકરણની વૃત્તિઓ પણ એકાગ્ર અને અભીપ્સાથી ઓતપ્રોત બનવી જરૂરી છે; ત્યારે પ્રભુની કૃપાસ્વરૂપ આંતરપ્રેરણાની વીજળી ઝબકવા માંડે છે. અશ્વપતિનું હૃદય આવા ખાલી - પાત્ર જેવું બની ગયું હતું !

આવી સંપૂર્ણ ગ્રહણશીલ ચિત્તની અવસ્થામાં જ દિવ્ય-આનંદના તરંગો ઉપરા-ઉપરી ઊઠવા માંડે છે. હૃદય ભર્યુંભર્યું અને તૃપ્ત લાગે છે. સ્વયંતૃપ્તિ, ''આત્મનૈવ આત્મનઃ તુષ્ટઃ''ની સ્થિતિ સર્જાય છે. ચિત્તમાં પ્રશાંતિ સ્થપાય છે, વિચાર, વાસનાના વાયરા થંભી જાય છે અને તેથી ભૂતકાળ, ભવિષ્યકાળનાં બાળકો અર્થાત્ સ્મૃતિઓ, સપનાંઓ, અપેક્ષાઓ વગેરે દેખાતાં જ નથી. ફરી સનાતન વર્તમાનકાળનું રાજ સ્થપાય છે. ભૂતકાળ, ભવિષ્યકાળનાં બાળકો ન હોવાથી શ્રી અરવિન્દ તેને "Vergin Time" - કાળની કૌમાર્યાવસ્થા તરીકે ગણાવે છે. શ્રી અરવિન્દે "Time"નો આદ્યાક્ષર કેપિટલ કરીને તે કાળ તંદ્રા કે Comaનો નહીં પણ દિવ્ય-કાળ છે એમ સૂચવે છે.

(પૃ.૯ ઉપરથી)

માતૃવાણી

સાધનો. સાધનોમાં વિચાર નિર્માણ કરતી મનોમય - ચેતના, ભાવના નિર્માણ કરતી ઊર્મિમય ચેતના, કાર્ય કરવાની શક્તિ આપતી પ્રાણમય ચેતના અને કર્મને પ્રગટ કરતી શારીરિક-ચેતના; આ સાધનો સારા હશે તો જ અભિવ્યક્તિ સારી થશે. તમારી ચેતના એકાગ્ર હશે અને પ્રસન્ન હશે તો સાધનોનો સારી રીતે ઉપયોગ કરશો અને તેથી કર્મ દીપી ઊઠશે. જો તમે એકાગ્ર ન હો અને થાકેલા હશો તો સાધનોનો ઉપયોગ બરાબર નહિ કરી શકો અને તેથી કાર્ય બગડશે.

બીજું, સાધનોને યોગ્ય રીતે વિકસાવવાની, કેળવવાની પણ જરૂર હોય છે. કેળવાએલાં સાધનો કાર્યને ત્વરાથી અને ભૂલ વગર પાર પાડશે. જો કેળવેલા નહિ હોય તો તે કાર્ય વિલંબમાં પડશે અને ભૂલો પણ વધારે થશે. તેથી ચેતના અને સાધનો બન્નેને વિકસાવવાની જરૂર છે એ તમારા ધ્યાનમાં આવશે. બન્ને પૈકી એક નહિ ચાલે.

યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૧૮

અવતરણો
(ભા-૧, પૃ ૩૫૮-૩૬૪)

મનસ્તત્ત્વનું સ્વરૂપ

સમજૂતી - માનસિંહ ચાવડા

૧ મન શબ્દ સામાન્ય ભાષામાં (માનવની) સમગ્ર ચેતના માટે..... વપરાય છે. પૃ.૩૫૮

૨ માણસ જ્યારે સામાન્ય સપાટીની ચેતનાની પાછળ જાય છે ત્યારે તે તેમને (મન-પ્રાણને) ભિન્ન ભિન્ન તરીકે જોઈ શકે છે. પૃ.૩૫૯

૩ આત્મા અને મન બન્ને ભિન્ન વસ્તુ છે..... મન એક કરણરૂપ તત્ત્વ છે. પૃ.૩૬૦

૪ બધી જ ચેતના અનિવાર્ય રીતે આધ્યાત્મિક બનેલી હોતી નથી.

૫ મનના ઘણા ભાગ છે અને તે દરેક..... પોતે જ એક શક્તિ છે. પૃ.૩૬૦

૬ માનવ પોતાના પ્રાણ ઉપર માનસિક કાબૂ સ્થાપન કરી શકે છે..... તેટલા પ્રમાણમાં તે માનવ છે. પૃ.૩૬૧

૭ શરીર મનની આજ્ઞાને યાંત્રિક રીતે અનુસરે છે. પૃ.૩૬૨

૮ શરીરને પોતાની પણ એક ચેતના હોય છે. પૃ.૩૬૨

૯ જ્યારે તે (મન) નિરપેક્ષ રીતે અથવા પ્રમુખતઃ તેને જ (પરમાત્મા અને સત્ય) અનુભવે છે અને પ્રત્યુત્તર આપે છે, ત્યારે તેને ચૈતસિક મન કહેવામાં આવે છે. પૃ.૩૬૩

૧૦ આધ્યાત્મિક મન-પૂર્ણ હોય ત્યારે આત્મા વિશે સભાન હોય છે. પ્રભુનું પ્રતિબિંબ પાડે છે. પૃ.૩૬૩

૧૧ આધ્યાત્મિક ધારણા શક્તિ..... આધ્યાત્મિક વિકાસ માટેની નૈસર્ગિક શક્તિ (છે) તે ગમે તે ભૂમિકા ઉપર હોઈ શકે છે. પૃ.૩૬૩

૧૨ ઊર્ધ્વમન એ આધ્યાત્મિક મનની એક ભૂમિકા છે. પૃ.૩૬૩

૧૩ આંતર મન સપાટી ઉપરના મનની પાછળ હોય છે. પૃ.૩૬૪

૧૪ વિશાલતર મનમાં.... વિશાલતા પ્રાપ્ત કરતા વૈશ્વિક ચેતનામાં પહોંચીએ છીએ. પૃ.૩૬૪

માનવ મનોમય પ્રાણી હોવાથી 'મન' શબ્દ તેની ચેતનાનાં બધાં જ સ્તરો માટે વ્યવહારમાં વપરાય છે, પણ યોગમાં તેવું નથી. તેમાં મન એ જ્ઞાન-પ્રક્રિયામાં નિશ્ચિત કામ કરનારું એક તત્ત્વ છે. તે આપણી પાંચે ઇન્દ્રિયોએ ગ્રહણ કરેલી સંવેદનાઓને ભેગી કરીને તેમાંથી 'માનસ-પ્રતિમા' રચવાનું કાર્ય કરે છે. મન ફક્ત બહારથી આવતાં સંવેદનો જ સ્વીકારતું નથી, પણ ચિત્તમાં જાગેલાં ભૂતકાળની સ્મૃતિનાં સંવેદનો પણ સ્વીકારે છે, તેમની બુદ્ધિએ લીધેલાં નિર્ણયોનાં સંવેદનો પણ સ્વીકારે છે. તે સેક્રેટરી-વિભાગ જેવું કામ કરે છે, તેથી મનના ક્ષેત્રમાં વિચારો, માનસપ્રતિમાઓ, આંતરદર્શનો, સંકલ્પો જેવા ઘણાબધાં કાર્યનો સમાવેશ થઈ જાય છે.

ચિત્તમાં જો તે શાંત હોય તો ઊર્ધ્વમાંથી આવતાં સંવેદનો અને દર્શનોનું પ્રતિબિંબ પડે છે, તે પણ મન સ્વીકારે છે. સારાંશ, બધાં જ પ્રકારની જ્ઞાનની પ્રક્રિયામાં માનવને મનનો ઉપયોગ કરવો પડે છે.

મનની ચેતના અને પ્રાણની ચેતના વચ્ચેનો તફાવત આપણે વ્યવહારમાં પાડતાં નથી, પણ યોગમાં તેવો તફાવત પણ પાડવો જ પડે છે. પ્રાણ એ ભાવનાના ક્ષેત્રમાં, ચિત્તમાં કાર્ય કરતી શક્તિ છે - લાગણીઓ, આવેગો, કામનાઓ, ઇચ્છાઓ, રાગદ્વેષ, લોભ, કામ, ક્રોધ, માલિકી હક્ક, નિરાશા, આશા વગેરેની ભાવનાઓ. આ બધાંનો સમાવેશ પ્રાણમાં થાય છે અર્થાત્ પ્રાણશક્તિ આ બધું નિર્માણ કરતી હોવા છતાં તે પોતાનું સ્વતંત્ર અસ્તિત્ત્વ ધરાવે છે.

યોગ સાધનામાં આવતો આનંદ શાંતિ, પ્રસન્નતા, તૃપ્તિ આ પણ પ્રાણનાં ક્ષેત્રનાં કાર્યો છે, જે ચિત્તમાં અનુભવાય છે. વ્યવહારમાં ચિત્તને જ 'હૃદય' કહે છે.

પણ સામાન્ય માનવ- સ્વભાવમાં મન, બુદ્ધિ, ચિત્ત અને પ્રાણ આ બધાં જ સેળભેળ થએલાં હોય છે. જ્યાં સુધી માનવ આવી સપાટી ઉપરનું જીવન જીવે છે, ત્યાં સુધી આ ઉપરનાં તત્ત્વોનો સૂક્ષ્મભેદ તેને સમજવો મુશ્કેલ જાય છે.

સાધનાની શરૂઆતમાં સાધકનું મન સાધનાની જરૂરિયાત સમજી તેને જીવનનો આદર્શ તરીકે સ્વીકારે છે, પણ તેનો પ્રાણ પોતાની રીતે જ જીવન જીવવા માગતો હોય છે, તેથી જ એવો સાધક કહે છે કે સાધના કરવાની ઇચ્છા થાય છે પણ ગોઠવાતું નથી. સાધનામાં આવતી વિટંબણાઓ ઘણીખરી આ બે તત્ત્વો, મન અને પ્રાણનાં વિસંવાદી ધોરણોને કારણે જ જન્મતી હોય છે.

સંત ઑગસ્ટીન મહાન સંત હોવા છતાં તે યોગી નહોતા. તેથી તેમને મન, બુદ્ધિ,

ચિત્ત વગેરેના સૂક્ષ્મ ભેદોની પડી નહોતી, તેથી તેમનાં નીચેનાં વિધાનો જેમ ને તેમ સ્વીકારી લેવા યોગ માટે હાનિકારક છે :

૧ મન અને આત્મા એક જ વસ્તુ છે.

૨ મન એટલે જ માનવની સમગ્ર ચેતના

૩ શરીર જડ છે, તેમાં ચેતના નથી.

યોગી જાણે છે કે આત્મા એ મૂળ ચેતના છે અને મન તેનો એક આવિર્ભાવ માત્ર છે, જે જ્ઞાનની પ્રક્રિયામાં કરણ, સાધન, તરીકે વપરાય છે. આત્માને ઇન્દ્રિયો વગર પણ સ્વયંભૂ જ્ઞાન મળે છે, મનને નહીં. સારાંશ, મન એટલે સમગ્ર આત્મતત્ત્વ નથી.

માનવની ચેતનામાં ચૈતસિક, માનસિક, પ્રાણમય અને પાર્થિવ આ ચાર સ્તરની ચેતના તો સ્પષ્ટ દેખાય છે. માનવ-સ્વરૂપમાં ઊર્ધ્વ-સ્તરની ચેતનાઓ હજી સક્રિય થએલી હોતી નથી. આ બધાંનો સમાવેશ ‘મન’માં કરી શકાતો નથી. ચૈતસિક ચેતના આધ્યાત્મિક પ્રેરણાનો પ્રદેશ છે. મન ઇન્દ્રિયગમ્ય જ્ઞાનની પ્રક્રિયાનો, પ્રાણ ભાવનાત્મક આંતર- જીવનનો અને પાર્થિવ ચેતના ભૌતિક - જીવનનો પ્રદેશ છે.

શરીરને ચેતના નથી એ પણ ખોટું જ છે. શરીરને પોતાની ચેતના ન હોત તો શરીરનો વિકાસ થાત જ નહિ. રોગ પ્રતિકાર-શક્તિ દર્શાવે છે કે શરીર પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન કરે જ છે, પણ શરીરની ચેતનાનો આપણે વિકાસ કરેલો ન હોવાથી તે મન અને પ્રાણનું ગુલામ જ છે, પોતાનું તેનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ નથી એવો ભાસ જરૂર નિર્માણ થાય છે.

યોગમાં પ્રવેશ્યા બાદ જ આ બધી સામાન્ય ગેરસમજો અનુભવથી અને આંતર-નિરીક્ષણથી દૂર થવા માંડે છે. યોગમાં વ્યક્તિની ચેતનાનાં બધાં જ સ્તરો, તેમનાં સાચા કાર્યો અને તેમનો આપસી સંબંધ; આ બધાંનું સાચું જ્ઞાન હોવું પાયાનું ગણાવેલ છે.

મન ઉપર જે તત્ત્વનો પ્રભાવ પડે છે તે અનુસાર તેને આધ્યાત્મિક મન, ચૈતસિક મન, પ્રાણમય મન કે પાર્થિવ મન એવા શબ્દો આપણે વાપરીએ છીએ.

ચૈતસિક મન રચાતા વ્યક્તિ પ્રભુ તરફ સંપૂર્ણ વળી જાય છે. તેની કોઈ માંગણી રહેતી નથી. સમર્પણભાવ સદા રહે છે. પ્રભુની પ્રેરણાને તે અનુસરે છે. તે સંપૂર્ણ રીતે ચૈત્યપુરુષનાં પ્રભાવ નીચે આવેલો હોય છે.

આધ્યાત્મિક મન રચાતા વ્યક્તિ આત્મતત્ત્વ વિશે સભાન બનવા લાગે છે, અસીમ-ચેતનાનો અનુભવ આવે છે, દૃષ્ટાભાવ સ્થિર થાય છે. જીવન આત્માના

આવિર્ભાવ માટે જ છે એ સત્ય જાણે છે. દિવ્યજ્ઞાન આંતરિક રીતે મેળવતો થાય છે. ચેતના મસ્તકની ઉપર સ્થિર થએલી અનુભવાય છે, તેને 'ઉન્મની' અવસ્થા કહે છે. ચેતનાનો અવકાશ અથવા ચિદાકાશનો અનુભવ થાય છે. આધ્યાત્મિક ધારણા શક્તિ અર્થાત્ આધ્યાત્મિક અનુભૂતિઓ અનુભવવાની અને સમજવાની ક્ષમતા વિકસે છે. ઊર્ધ્વમન એ ખરેખર આધ્યાત્મિક મનમાં પ્રવેશવાનો પ્રદેશ છે અને તે આધ્યાત્મિક-મનનો જ સીમાપ્રદેશ ગણાય છે. તે આધ્યાત્મિક મનમાં આંતરપ્રેરણાત્મક મનનો પણ સમાવેશ થાય છે અને અધિમનસનો પણ. શુદ્ધ મન અથવા સાચો મનોમય પુરુષ ચિંતનશીલ હોય છે. તે ચિંતન આધ્યાત્મિક વિષયોનું કે વિજ્ઞાન બાબતનું પણ હોઈ શકે છે. તેમાં પ્રખર-એકાગ્રતાનો અનુભવ થાય છે.

આંતરમન, આંતરપ્રાણ, આંતરપાર્થિવ તત્ત્વ આ શબ્દો જે તે પુરુષની (મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ, પાર્થિવ પુરુષ) એવી સ્થિતિ દર્શાવે છે જ્યારે તેઓ અશુદ્ધ અને નિમ્ન અવિદ્યામય પ્રકૃતિનાં પ્રભાવમાંથી મુક્ત થએલાં હોય છે અને ચૈતસિક પ્રભાવની નીચે કાર્ય કરતાં હોય છે. આ કક્ષા હૃદયમાં ઊંડે ઊતરતી વખતે ચૈત્યપુરુષના સાક્ષાત્કાર પહેલાં અને બાહ્ય મન, પ્રાણ, શરીરનો પ્રદેશ વટાવ્યા પછી બન્નેની વચગાળાના પ્રદેશની હોય છે.

વિશાળતર મન એ કોઈ કક્ષા નથી પણ સ્થિતિ છે. તે બે રીતે પ્રાપ્ત થાય છે- વૈશ્વિક ચેતનાની વિશાલતા પ્રાપ્ત કર્યા પછી અથવા મનની જ વિવિધ કક્ષાઓ બાબત એકીવખતે સભાન બનીને. આ સભાનતા આપણી અંદર ઉતરતી વખતે આવે છે. શુદ્ધમનના સમગ્ર પ્રદેશને ત્રણ વિભાગોમાં વહેંચી શકાય છે - વિચારશીલ મન (ચિંતનાત્મક મન), ક્રિયાત્મક મન અને બહિર્મુખ મન. વિચારશીલ મન ચિંતનપ્રધાન હોય છે. તે જ્ઞાન પ્રક્રિયા સાથે સંબંધ ધરાવે છે.

ક્રિયાત્મક મન કોઈ વસ્તુ કરવા જે આયોજન કરવામાં વ્યસ્ત બની જાય છે તે સ્વરૂપનું હોય છે. તેમાં મનની વિવિધ ક્ષમતાઓ વાપરવામાં આવે છે. બહિર્મુખ મન આયોજનને વિચારોદ્વારા, વાણીદ્વારા, વર્તનદ્વારા પ્રગટ કરવા માટે પ્રયત્ન કરે છે.

શારીરિક-મન શરીરના સંચાલનમાં મગ્ન રહેલ મનનો પ્રકાર છે. તેને 'ભૌતિક મન' પણ કહે છે.

મનસ્તત્ત્વ અચેતન જડ પદાર્થમાં પણ બીજસ્વરૂપે, અવિકસિત અવસ્થામાં તે પ્રગટ થાય છે અને અગ્રભાગે આવી કાર્ય કરે છે.

ભારતીય સંસ્કૃતિના પાયા

- શ્રી અરવિંદ

અવતરણો

ભારતીય રાજ્યતંત્રનો વિકાસ

(પૃ. ૪૦૦-૪૧૪)

પ્રકરણ - ૨૧

૧ આધ્યાત્મિક એકતા એક વિશાળ અને નમનીય વસ્તુ છે. (તે) જીવનની બૃહદ વિવિધતા અને તેના સ્વાતંત્ર્યને સહજભાવે આવકારે છે. પૃ.૪૦૧

૨ પ્રાચીન ચિત્તને પોતાની આવશ્યકતાની આંતર-સૂઝ હતી. તેનો સામ્રાજ્યનો વિચાર એક સમન્વયકારી ધોરણ હતું. પૃ.૪૦૧

૩ પ્રાચીન રાષ્ટ્રો, ભારતનાં સમકાલીન અને તે પછીનાં અસ્તિત્વમાં આવેલાં તેવાં ઘણાંય મરી પરવાર્યાં છે. પૃ.૪૦૧

૪ જ્ઞાતિઓ વધતી ચાલી. એ માત્ર ધર્મપ્રભારક્ષિત રૂઢિગ્રસ્ત વિભાગોમાં વહેંચાઈ ગઈ. પૃ.૪૦૨

૫ પ્રતિષ્ઠિત પ્રાંતીય સ્વાયત્તતાની માગણી, નષ્ટ થએલી ગ્રામ સામૂહિક રચનાના આદર્શ તરફ ભારતીય માનસને પાછું વાળવાની વાત... રાષ્ટ્રીય દેહનાં સ્વાભાવિક જીવનને માટે એક આવશ્યક જીવંત એકમ ગણી શકાય. પૃ.૪૦૩

૬ પ્રાચીન ભારતીય જગતની મુક્ત પ્રજાઓ લુપ્ત થવા લાગી. તેમના ભંગારમાંથી..... અત્યારની ભારતીય જાતિઓ ઉદ્‌ભવ પામી. પૃ.૪૦૭

૭ નાગરિક ગણતંત્રો પણ..... સામ્રાજ્યની કેવળ નગરપાલિકાઓમાં પરિવિર્તિત થતાં ગયાં. પૃ.૪૦૭

૮ પહેલાનાં આ પરદેશી આક્રમણો અને તેમની અસરોને તેમના યોગ્ય પ્રમાણમાં અવલોકવાં જરૂરી છે. પૃ.૪૦૯

૯ એક કે બે કે ત્રણ પેઢીમાં આક્રમણકારો સંપૂર્ણપણે ભારતીય બની ગયાં. પૃ.૪૧૦

૧૦ મોટા ભાગના મુસલમાનો જાતિએ કરીને ભારતીય હતાં. પૃ.૪૧૧

૧૧ મુસલમાનોના વિજયને લઈને બે પ્રશ્નો ઉપસ્થિતિ થયાં :

૧ બે સભ્યતા વચ્ચેનો સંઘર્ષ

૨ તેમનો સમન્વય... ઉપાયો બૃહત્તર આધ્યાત્મિક સિદ્ધાંત જે બન્નેનો સુમેળ આણે. દા.ત. દીને ઈલાહી. રાજકીય પ્રયાસ...

દા.ત. મરાઠા સામ્રાજ્ય - બન્ને નિષ્ફળ ગયાં. પૃ.૪૧૨-૪૧૩

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રાચીન ભારતના સમકાલીન પાશ્ચિમાત્ય પ્રાચીન રાષ્ટ્રોની હાલત જુવો. ઘણાખરા મરી પરવાર્યાં છે. તેમનાં સ્મારકો જ બાકી છે, ગ્રીક અને ઈજિપ્ત નકશામાં જ રહ્યું છે. એથેન્સ કે કૈરોમાં ગ્રીક હેલેસ (Hellas) અથવા ઈજિપ્તનાં મેમ્ફીસે જે રાષ્ટ્રીય ઘડતર કર્યું, તેના અવશેષો પણ જડતાં નથી. રોમે પોતાના સામ્રાજ્યમાં રાજકીય એકતા ઠોકી બેસાડેલી, પણ મેડિટેરિયન પ્રજાને આંતરિક સંસ્કૃતિની એકતાનો ભાવ આપી શક્યું નથી. તેથી જ ઈટલી, સ્પેન, ફ્રાન્સનું પુનર્જીવન આધુનિક ઢબે થયું. પણ ભારતમાં સાંસ્કૃતિક દૃષ્ટિએ હજી આંતરિક પ્રવાહ ઊંડે ઊંડે પણ વહી રહ્યો છે. ગ્રીક પાર્થિયન, શક, હુણ, ઈસ્લામ અને બ્રિટિશરોનાં આક્રમણો અને શાસનો વૈદિક ઋષિઓએ ઘડેલા ભારતીય માનસને સર્વસ્વે મારી શક્યું નથી. તેમનો સ્ટ્રીમ રોલર યશસ્વી થયો નથી. આનું કારણ છે ભારતની વિશાલ રીતે આત્મસાત્ કરવાની ભાવના. તેણે પોતાના સંસ્કૃતિને અનુરૂપ હતું તે સ્વીકારીને આત્મસાત્ કરી લીધું. જે નહોતું તેનો ત્યાગ કર્યો. તેથી જ પ્રાચીન ભારત હજી ધબકી રહ્યો છે.

વૈદિક ઋષિઓની પ્રજ્ઞાને માન આપવું જરૂરી છે કે તેમણે ભારતના અંતરાત્માને ઓળખી તેના આધારે ભારતીય સમાજની અધિરચના (super structure) તૈયાર કર્યું છે. પ્રાચીન ઋષિઓએ સાંસ્કૃતિક સામ્રાજ્ય વિકસાવ્યું, પણ જે પ્રદેશમાં ગયા ત્યાંનાં શુભ તત્ત્વોને સ્વીકાર્યાં અને તેમના હૃદયમાં ભારતીય સંસ્કૃતિની મહાનતા બાબત નિષ્ઠાઓ નિર્માણ કરી. આમાં પ્રદેશોનો સમન્વય થતો લોકોએ અનુભવ્યો, વિલિનીકરણ નહિ, કારણ સ્થાનિક સ્વયત્તા તો તેણે સ્વીકારી હતી. કુટુંબ, કુળ,

જાતિ, પ્રદેશ, ધર્મ બધાંને વિકસવાને સ્વાધીનતા આપી. આત્માના ધર્મને (સ્વતંત્રતાના) તેમણે સાચા અર્થમાં સક્રિય અને વાસ્તવિક કર્યો.

ભારતીયોની ભારત માટેની આ સાચી સમજણ છે. મૅકોલેના શિક્ષણ પદ્ધતિથી તેને ઢાંકી દેવાનો પ્રયત્ન થયો, પણ છતાં ધર્મ તરીકે તેનો નાશ થઈ જ શક્યો નથી. આનો ફાયદો એ થયો કે કેન્દ્રિય સત્તા દુર્બળ હોવા છતાં સ્થાનિક સ્વાયત્તતાને કારણે ભારતીય સંસ્કૃતિનો પ્રભાવ વારસાગત અખંડ વહેતો જ રહ્યો. તેમ છતાં ધીમે ધીમે એક દુષ્પરિણામ તો દેખાયું જ - સમગ્ર રાષ્ટ્રિય ભાવના પાર્શ્વભૂમિમાં ચાલી ગઈ અને સ્થાનિક ધર્મોનો પ્રભાવ વધી ગયો. જીવન વધારે સંકુચિત બની ગયું અને પ્રાચીન સમગ્ર જગતને આર્ય કરવાનું સ્વપ્નું ભૂલાઈ ગયું. સ્થાનિક સ્વાતંત્ર્ય અને સ્વાયત્તતાને જ મહત્ત્વ અપાયું. ઈસ્લામનાં આક્રમણો પહેલાં જ આ સ્થિતિ થએલી પણ તેના જાહેર પરિણામો હજી દેખાતાં નહોતાં. પ્રાદશિક સ્વાતંત્ર્ય કેન્દ્રિય રાજ્યતંત્રની સામે આવવા માંડ્યું. મુસલમાનોના વહીવટ દરમિયાન અંગ્રેજોએ તે પોતાના કાળમાં પરાણે દબાવી દીધાં, પણ તે મનોવૃત્તિનાશ પામી જ નહોતી. આજના રાજકારણમાં પણ આ જ વસ્તુ વિવિધ પ્રાદેશિક પક્ષો તરીકે દેખાઈ રહી છે.

ભારત ઉપર બહારથી આવીને રાજ કરવાનું સહેલું બન્યું તેનું કારણ આ વિકૃત બનેલી પ્રાદશિક સ્વાયત્તા જ હતી.

આજે ભારતના નવનિર્માણમાં આ પ્રાદેશિક સ્વાયતત્તાને સાચા અર્થમાં સમજાવી તેને ભારતરાષ્ટ્રના અંગ તરીકે વિકસાવવાની તાતી જરૂર છે. આધ્યાત્મિક ભૂમિકા ઉપરની ગુપ્ત એકતા ઉપર ફરી ભાર મૂકીને બધાં જ પ્રાદેશિક એકમોને અંતર્ગત સ્વાયતત્તા આપવાની જોગવાઈ સાથે જ ભારતનું નવનિર્માણ શક્ય છે.

ભારતમાં પ્રાદેશિક સ્વાયતત્તાને ઠેસ પહોંચાડ્યા વગર કેન્દ્રિય સત્તાને મજબૂત કરવાનો પ્રયોગ વૈદિક ઋષિઓએ અશ્વમેઘ યજ્ઞ અને રાજસૂય યજ્ઞના આધ્યાત્મિક ભાવ સાથે મૂક્યો. બધા પ્રાદેશિક - સ્વાયત્ત રાજ્યો એક કેન્દ્રિય રાજાનું ચક્રવર્તીપદ સ્વીકારતા. રામે અશ્વમેઘ અને યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કરેલો એ સર્વવિદિત છે ચક્રવર્તી રાજાના શાસનમાં પ્રાદેશિક પ્રદેશોનાં રાજ્યગૃહો અને મંત્રીગણ સ્વતંત્ર રીતે કાર્ય કરતાં હતાં.

મહાભારતનું યુદ્ધ આ પ્રચંડ પ્રયોગનું એક જીવતું - જાગતું ઉદાહરણ છે. શિશુપાલે આ પ્રયોગનો વિરોધ કરી પ્રાદેશિક સ્વાયતત્તાને કેન્દ્રિય સત્તા સામે

મૂકવાનો પ્રયત્ન કરેલો પણ તેમાં તેનો વધ થયો અને અન્ય રાજાઓએ તેનો વિરોધ ન કર્યો એ દર્શાવે છે કે શિશુપાલના વિચારો સર્વગ્રાહ્ય નહોતા. આ સામ્રાજ્ય અથવા ચક્રવર્તીપદ એ આપખુદ રાજાનું શાસન નિર્માણ કરવાનો પ્રયત્ન નહોતો પણ કોન્ફેડરેશન નિર્માણ કરવાનો, સંઘરાજ્ય નિર્માણ કરવાનો પ્રયત્ન હતો.

ભારત સિંધુ નદીને પેલી પાર વિસ્તર્યું નહોતું ત્યાં સુધી વાંધો આવ્યો નહિ, પણ તેથી આગળ જઈ અફગાણીસ્થાન (ગાંધાર) સુધી ફેલાયા પછી આ પ્રયોગ નબળો પડતો ગયો. સિંધુપારનાં રાજ્યો પોતાને સ્વતંત્ર જાહેર કરવા માંડ્યા અને અંતે, તેઓ ભારતના આક્રમણ માટેના આધારભૂત રાજ્યો બની ગયાં જે સ્થિતિ હાલ પણ ચાલુ જ છે.

ચાણક્યે આ પ્રશ્નનું પોતાની વહીવટી - ક્ષમતાના આધારે નિરાકરણ જરૂર કરેલું તેથી જ મૌર્ય, શૃંગ, કણ્વ, આંધ્ર, ગુપ્ત વગેરે વંશો તે મુજબ સામ્રાજ્ય ટકાવી શક્યાં.

ઈતિહાસના પ્રવાહમાં પ્રાચીન સ્વતંત્ર જાતિઓ નાશ પામી અને તેનાં ભંગારમાંથી આજની જ્ઞાતિપ્રથાઓ રચાઈ. જ્ઞાતિઓના પોતાના મહાજન મંડળ રચાયાં અને તેઓ ખૂબ જ સર્વ સાધારણ નિયંત્રણ રાખી હળવું કામ કરવા લાગ્યા. જ્ઞાતિના રીતરિવાજોમાં જ ભારતીય સંસ્કૃતિ ક્ષીણ રીતે જીવતી રહી. રાજકીય સ્વાયતત્તા તરીકે નગરપાલિકાઓ રચાઈ પણ તેમાં આધ્યાત્મિક કે સાંસ્કૃતિક આધાર રહ્યો નહિ. કેન્દ્રિય - રાજ્યસત્તા પણ સાંસ્કૃતિક પ્રવાહથી અલગ પડી ગઈ. તેમાંથી બિન સાંપ્રદાયિકતા જે પાશ્ચિમાત્ય રાજ્ય સંસ્થામાં વિકસી હતી, તેનો સ્વીકાર થયો અને તે પણ બહારના દેખાવ પૂરતો. ભારતીય આત્માનાં અભિવ્યક્તિનાં સાધનો છીનવાતા ગયાં.

પ્રાદેશિક રાજ્યોનાં સંઘર્ષને ટાળવા અજાણતા મેકિયાવેલી રાજનૈતિક પદ્ધતિ અપનાવવામાં આવી, જેનો ભારતીય સંસ્કૃતિ સાથે કોઈ સંબંધ નહોતો; જેમાં વ્યવહારિક તોડજોડ જ મહત્ત્વની ઠરી. આજે પણ ઈલેકશન પછીનાં હોર્સ-ટ્રેડિંગ, પાટલી - બદલુઓની કૂદાકૂદ આ જ માર્ગે ચાલી રહ્યાં છે. આવા પ્રકારો જોઈ સર્વ સામાન્ય ભારતીય જનતા રાજ્યતંત્ર તરફ ઉદાસીન બની રાષ્ટ્રીય ભાવનામાં ઓટ આવી. અસરકારક રાજનૈતિક સિદ્ધાંતોમાં છૂટછાટ લેવાવા માંડી. આ પરિસ્થિતિ મુસલમાનોનાં આક્રમણ પહેલાંથી ચાલી રહી હતી જે હજી ચાલુ જ છે.

મોગલોએ ઉત્તર ભારતમાં મધ્ય-એશયાઈ-ઢંગનું સામ્રાજ્ય નિર્માણ કર્યું. આ અને આ પછીનાં પરદેશી આક્રમણોનાં પરિણામોને બરાબર સમજી લેવા જરૂરી છે :

૧ અલેકઝાંડરનું આક્રમણ ક્ષણજીવી રહ્યું. પોરસ હાર્યો પણ ચાણક્યની મદદથી ચંદ્રગુપ્તે ગ્રીક લોકોને હાંકી કાઢ્યાં. આ આક્રમણથી ગ્રીસને તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ખગોલશાસ્ત્ર, અંકશાસ્ત્ર અને શરીરશાસ્ત્ર બાબત નવી જાણકારી મળી, જે સોક્રેટિસ, પ્લેટો, ઍરિસ્ટોટલનાં લખાણોમાં દેખાય છે. આ ઉઘાડ અર્થાત્ શરૂઆતમાં વેપારને કારણે થએલો.

૨ પાર્થિયન, શક, કુશાન, હૂણનાં આક્રમણો વધારે ગંભીર પ્રકારનાં હતાં. માનવવંશ શાસ્ત્રીઓ જણાવે છે કે વર્ણસંકરને કારણે તેમાંથી જ પંજાબી, રાજપૂતો ઉતરી આવ્યા છે. પણ આ બધાનું સંપૂર્ણ ભારતીયકરણ ત્રણ ચાર પૈઢીમાં જ થઈ ગયું. તેઓ ભારતીય પ્રજામાં ભળી ગયાં. આ ભારતીય સભ્યતાની આત્મસાત્ કરવાની ક્ષમતા પુરવાર કરે છે, નબળાઈ નહિ. બીજું, આ આક્રમણોના સમયે ભારતીય સંસ્કૃતિના અવનતિકાળની શરૂઆત થએલી હતી. સંસ્કૃતને બદલે પ્રાદશિક ભાષાઓમાં આધ્યાત્મિક શિક્ષણ આપવાનાં પ્રયોગો થઈ રહ્યાં હતાં, કારણ સંસ્કૃત હવે વિદ્વાનોની ભાષા બની ગઈ હતી. પ્રાદેશિક ભાષા સહજ અને જીવંત હોવાથી તેને પ્રાકૃતભાષા કહેતા. આ પરિણામો દક્ષિણભારત ઉપર ઓછા જણાતા હતાં. ત્યાં હજી વિજયનગર જેવા રાજ્યો રચાતા હતાં.

૩ મુસલમાનોના આક્રમણમાં પઠાણો, તુર્કો, મોગલો હતા, પણ તેમના આક્રમણને કારણે શક કુશાનોના જેમ મોટા પાયે વર્ણસંકર થયો નહિ. તેથી મૂળ ભારતીય અને મુસલમાનોનાં સ્વતંત્ર સમાજના વહેણ સાથે જ વહેવા લાગ્યાં. પ્રત્યાઘાત તરીકે ધાર્મિક અત્યાચાર વધ્યાં અને તેને કારણે દક્ષિણભારતમાં મરાઠા અને ઉત્તરમાં ખાલસા યુદ્ધોત્સુક રાજ્યો વિકસ્યાં. આ બે પ્રમુખ કોમો વચ્ચેની સમસ્યાઓ અંગ્રેજ કાળમાં વકરી. તેણે બે સભ્યતા વચ્ચેના સંઘર્ષનું સ્વરૂપ લીધું. એક સભ્યતા હતી લડાયક, આક્રમક; બીજી હતી સહિષ્ણુ અને સમાવેશક. આ બન્ને સભ્યતાને સુમેળ લાવવાનાં બે વૈચારિક ઉપાયો આગળ આવ્યાં :

૧ વિશાળ આધ્યાત્મિક સિદ્ધાંતમાં બન્ને સભ્યતાનો સમાવેશ કરી શકે.

૨ રાષ્ટ્રપ્રેમ જેને સર્વોપરી ગણી ધાર્મિક સંઘર્ષથી ઉપર ઊઠવાનો રાજનૈતિક ઉપાય..... પ્રથમ ઉપાય ધાર્મિક સંઘર્ષ અને સંકુચિત ધર્મભાવનાઓને

લીધે અશક્ય બની ગયો હતો, છતાં ગુરુનાનકે પ્રયોગ કર્યો. પણ ધાર્મિક સંકુચિતતાએ તેમના પ્રયત્નને સંપ્રદાય કરી મૂક્યો અને મોગલ સલ્તનતે ધાર્મિક અત્યાચાર કરીને બન્ને કોમો વચ્ચે ફાટ વધારી. બીજા પર્યાય માટે જનતાની જીવંત સ્વીકૃતિની અપેક્ષા હતી પણ ગુલામીના કારણે જનતામાં રાજનૈતિક - ચેતના પ્રગટતી જ નહોતી; કારણ તેને આધ્યાત્મિક પોષણ મળતું નહોતું.

આવા અવનતિના કાળમાં થએલાં બે પ્રયત્નોની હજી નોંધ લેવી જરૂરી છે :

૧ મહારાષ્ટ્રમાં રામદાસ સ્વામી પ્રણિત હિન્દુપદપાદશાહી જે શિવાજીએ શરૂ કરી. પણ તે પાછળની આધ્યાત્મિક પ્રેરણાઓ ધીમે ધીમે નાશ પામી અને પેશ્વાકાળમાં તો જાણે તે નામશેષ થઈ ગઈ. આનું કારણ એ હતું કે અધ્યાત્મને બદલાએલ પરિસ્થિતિને અનુરૂપ ન મૂકતા મૂળ પ્રાચીન સ્વરૂપે જ સ્વીકારવામાં આવેલ, જે સામાન્ય જનમાનસને વધુ સમય આકર્ષી શકતું નથી. આમાં દેશદાઝ હતી, પણ તે પ્રાદેશિક-કક્ષાની જ બનાવી દેવામાં આવેલી; તેથી સમગ્ર ભારતમાં તે સામ્રાજ્ય તરીકે છવાયું નહિ, અન્ય પ્રદેશોમાં વિરોધ નિર્માણ થયો.

શીખ ખાલસાઓનો પ્રયત્ન તેના કરતાં વધારે આધુનિક હતો. તેમની પ્રેરણા ભાવિ-આદર્શમાં હતી. તેમાં ઈસ્લામ અને વેદાંતના બન્નેનાં ગહન તત્ત્વોનો સમાવેશ હતો પણ તેનો વિકાસ એટલો ઝડપી થયો અને વિરોધ પણ એટલો જ તીવ્ર થયો કે તે નક્કર રાજ્ય - તંત્ર તરીકે વિકસી શક્યું નહિ. ઔરંગઝેબનાં ધાર્મિક ઝનૂને તે સમન્વયકારી પ્રયત્નને તોડી નાંખ્યો.

આ પછીનો રાજતંત્રનો ઈતિહાસ એટલે વિનાશની આગેકૂચ છે. પશ્ચિમના દેશોનું અંધાનુકરણથી આપણો આધ્યાત્મિક - વારસાનો પ્રેરણાસ્રોત સૂકાવા માંડ્યો. ગુલામીના સામાજિક - માનસથી વ્યક્તિઓ તે પ્રેરણાઓ પ્રત્યે બધિર બની ગયાં. સાંસ્કૃતિક નિષ્ઠા અને સ્વાભિમાન નાશ પામ્યાં. અર્થપ્રધાન જીવનશૈલી માન્ય થઈ પણ આ રાત્રી કાયમી નથી. આ એક યુગનો અંત છે, તો બીજા યુગનો પ્રારંભ પણ છે.

ભારતીય પ્રજાએ પ્રાશ્ચિમાત્યોની ગુલામગીરી ત્યાગવી પડશે. નૂતન પ્રકાશમાં આપણી આધ્યાત્મિક પરંપરાઓને સમજવી પડશે, નૂતન ઢાળમાં ઢાળવી પડશે, લોકોને સમજાવવી પડશે. પ્રજ્ઞાશક્તિનું જાગરણ જ આ સાધ્ય કરી શકશે જે ભારતીય આત્માને ઢંઢોળવાની, જાગૃત કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારતીયોનો આ રાષ્ટ્રધર્મ છે, યુગધર્મ છે.

ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

દેવો અનેક છતાં એક જ

પ્રકરણ-૨૪ (બૃહદારણ્યક -૩-૯)

યાજ્ઞવલ્કયની પરીક્ષા લેવાઈ રહી છે.

હવે શકલ મુનીનાં પુત્ર નામે વિદગ્ધ શાકલ્ય ઊભા થાય છે.

''મહર્ષિ, દેવો કેટલા છે?''

''ત્રણ હજાર ત્રણસો ને ત્રણ''

''બરાબર. ફરી પૂછું છું, દેવો કેટલાં?''

''તેત્રીસ''

''બરાબર''

''ફરી પુછું છું, દેવો કેટલાં?

''છ''

''બરાબર''

''ફરી પૂછું છું, દેવો કેટલાં?''

''ત્રણ''

''બરાબર છે. ફરી પૂછું છું દેવો કેટલા?''

''બે''

''બરાબર''

''ફરી પુછું છું, દેવો કેટલાં?''

''દોઢ''

''બરાબર''

''ફરી પૂછું છું, દેવો કેટલાં?''

''એક''

''બરાબર, હવે મહર્ષિ આ બધું સમજાવો''

''શાકલ્ય, દેવોની અનેક વિભૂતિઓ અર્થાત્ આવિર્ભાવો હોય છે. તેની અનંતતા દર્શાવવા જ ત્રણ હજાર ત્રણસો ને ત્રણ એમ વેદો જણાવે છે. ખરેખર તો દેવો તેત્રીસ જ છે - તેમાં આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય, ઈન્દ્ર અને પ્રજાપતિ મળીને કુલ તેત્રીસ દેવો થાય છે. વસુ એટલે તત્ત્વોમાં વસતી ચેતના સ્વરૂપ દેવો. અગ્નિ, પૃથ્વી,

વાયુ, અંતરિક્ષ, આદિત્ય, દ્યુલોક, ચંદ્ર અને નક્ષત્ર આ આઠ વસુ છે (અમુક શાસ્ત્રોમાં અષ્ટધા પ્રકૃતિને અષ્ટવસુ જણાવ્યા છે) દસ ઈન્દ્રિયો અને અગિયારમું મન મળીને અગિયાર રુદ્રો થાય છે, જે આપણને વિકારવશ કરીને રડાવે છે. (રોદિત ઈતિ રુદ્રઃ) બાર માસમાં પ્રકાશતાં બાર આદિત્ય (બાર રાશિનો સૂર્ય) એ જ બાર આદિત્ય છે. વિદ્યુત અર્થાત્ પ્રાણશક્તિ જ ઇન્દ્ર છે. તે જ ઇન્દ્રિયોનો રાજા છે. અનંતયોનિઓ જ પ્રજાપતિ છે. તેત્રીસ દેવોનો સમાવેશ છ દેવોમાં થાય છે. તે છ દેવો એટલે અગ્નિ, પૃથ્વી, વાયુ, અંતરિક્ષ, આદિત્ય અને દ્યુલોક. અષ્ટવસુમાંના બે ચંદ્ર અને નક્ષત્રનો સમાવેશ અંતરિક્ષમાં થઈ જાય છે. તેથી બાકી રહેલા છ વસુઓ જ છ દેવો છે. આ છએ દેવોનો સમાવેશ ત્રણ લોકમાં થઈ જાય છે તેથી ત્રિલોક જ ત્રણ દેવો છે.

આ ત્રણે લોક અન્ન અને પ્રાણ ઉપર જ જીવે છે, તેથી ત્રણ દેવોનો સમાવેશ આ બે દેવોમાં જ થઈ જાય છે. હવે આ બન્નેમાં પણ પ્રાણતત્ત્વ મહત્ત્વનું છે. તેમાં પ્રાણવાયુ પૂર્ણ છે અન્ય બધાં તેના આધારે કાર્ય કરે છે. તેથી તે બધા અર્ધદેવ છે તેથી પ્રાણને દોઢ દેવ કહ્યાં છે. પણ ખરેખર તો પ્રાણ એક જ સાચા દેવ છે તેથી દેવ એક જ છે તે જ સક્રિય બ્રહ્મ સ્વરૂપ છે. તેને જ 'પ્રજ્ઞાનાત્મા, પ્રજ્ઞાનં બ્રહ્મ'' કહે છે (કૌશિતકિ ઉપનિષદ)

આમ, દેવો અનંત હોવા છતાં તે બ્રહ્મ તત્ત્વની જ વિવિધ શક્તિઓ છે. તેમનાં મૂળમાં પ્રજ્ઞાશક્તિ છે તે જ અદિતિ. તે બ્રહ્મસ્વરૂપ જ છે. તેથી એક બ્રહ્મતત્ત્વ જ દેવ છે.

(પ્રો. ભારતસિંહ ઝાલાની યાદી મુજબનાં નવાં શ્રી અરવિન્દ કેન્દ્રો)

શ્રી અરવિન્દ કેન્દ્ર
C/o. નરેન્દ્રભાઈ ગોસ્વામી
નિર્સગ, એમ. જે. પાર્ક-૧,
ગીરગઢડા રોડ,
મામલતદાર કચેરી સામે,
ઉના - ૩૬૨૫૬૦
ફોન : ૯૮૨૪૧ ૮૦૨૩૮

શ્રી અરવિન્દ કેન્દ્ર
C/o. શ્રી કનવર બી. લીંબાસીયા
૩/૧૧, ગિરિરાજનગર, ઓમનગર સામે,
ચિત્તલ રોડ, જિલ્લો - અમરેલી
મો. : ૯૪૨૮૭૦૭૭૨૮

શ્રી અરવિન્દ કેન્દ્ર
શ્રી લાંબા ભૂપતભાઈ એ. ગઢવી
મુ.પો. જાંબુડા - ૩૬૧૧૨૦
જિ. જામનગર
ફોન : ૦૨૮૮ - ૨૮૮૪૪૫૪

શ્રી અરવિન્દ ધ્યાન કુટિર
C/o. રમેશભાઈ ભટ્ટ
૬, કેકારવ, મહાવીરનગર,
નખત્રાણા - (કચ્છ)

શ્રી માતૃભવન
મુ.પો.-અકવાડા, C/o. કુ.ઝરણામા
૯૮૨૫૧ ૯૪૦૫૦

સુંદર કથાઓ

- માતાજી

સમજૂતી - માનસિંહ ચાવડા

પ્રેમની જીત

(પેજ - ૯૮-૧૦૧)

આયોબિયા શહેર. તેની આસપાસ ઘનઘોર જંગલ. તેમાં એક વરુ રહે. ખૂબ જ જબરો અને ખૂંખાર. લોકોને રંજાડે, ઢોરઢાંખરને ફાડી ખાય. લોકો ત્રાહિમામ પોકારે.

સંત ફ્રાન્સિસને આ વાત જાણવા મળી. તેણે વરુને મળવાનું નક્કી કર્યું. તે જંગલમાં ગયો. સામે જ તે વરુ મળ્યું, તેણે તો ઘુરકીયા ભરવા માંડ્યાં. સંત ફ્રાન્સિસ શાંત રહ્યો, નિડર રહ્યો. પ્રેમથી તેને બોલાવવા માંડ્યો. વરુ શાંત થયો.

''ભાઈ વરુ, આ આયોબિયા શહેરનાં લોકો તારાથી ત્રાસી ગયાં છે. તેઓ તને મારી જ નાંખશે, પણ તેઓ મારા મિત્ર છે. આજથી તો તું પણ મારો મિત્ર બની ગયો. મારા મિત્રો સંપ-સુલેહથી રહે તો મને ગમશે. આપણે બધાં આનંદથી રહી શકીએ. ખરું કે નહીં?''

વરુએ હા પાડી માથું નમાવ્યું, પૂંછડી પટપટાવી.

''તો ભાઈ, આપણે એક સમજૂતી કરીએ. શહેરનાં લોકો રોજ તને જરૂરી ખાવાનું આપે અને તારે તેમને રંજાડવાનાં નહિ, બોલ કબૂલ.''

વરુ સંતના પગ પાસે આવી પોતાનું શરીર તેના પગ સાથે ઘસી પોતાનું પ્રેમ જતાવ્યું અને તેના હાથમાં પોતાનો પંજો મૂકી વચન આપ્યું.

સંત ફ્રાન્સિસે ગામના લોકોને જઈ સમજાવ્યા અને તે સમજૂતી કાયમી ટકી.

વરુને સંત ફ્રાન્સિસ ઉપર વિશ્વાસ બેઠો, કારણ તેણે તેને ભાઈ કહ્યો. પોતાનો ગણ્યો, પ્રેમ બધાંને જીતી લે છે.

શું આપણે બધાંને પ્રેમ અને આદરથી નહિ જીતી શકીએ?

દિવ્ય જીવનનો પયગંબર

અનુવાદક - શ્રી સુન્દરમ્

(આંધ્ર વિદ્યાપીઠ તરફથી ડિસેમ્બર ૧૧, ૧૯૪૮એ શ્રી અરવિન્દને આપવામાં આવેલા સર કટ્ટમંચી રામલિંગ રાષ્ટ્રીય પારિતોષિકના અર્પણ પ્રસંગે વાઈસ - ચાન્સેલર શ્રી સી. આર. રેડ્ડીના વ્યાખ્યાનનો સાર - સાભાર - ('દક્ષિણા' ફેબ્રુઆરી ૧૯૪૯)

શ્રી અરવિન્દે આપણો અર્ઘ્ય સ્વીકારવાની જે કૃપા કરી છે તે ઘટનામાં આપણી ભાવનાની ઉત્તમોત્તમ સિદ્ધિ આપણને આજે જ મળી ચૂકી છે એમ કહેવું પડશે. આ પારિતોષિક શ્રી અરવિન્દને આપણે ઈનાયત નથી કરતા, એમનાં ચરણોમાં ધરીએ છીએ.

ભક્તિનમ્ર હૃદયથી હું શ્રી અરવિન્દનું સ્વાગત કરું છું. વર્તમાન યુગની તેઓ એક પૂર્ણતમ વિભૂતિ છે. સર્વ યુગોમાં, સર્વ પ્રજાઓમાં માનવજાતિના ઉદ્ધારક પુરુષો પ્રગટ થતા રહ્યા છે. એ ઉદ્ધારકોમાં, માનવતાના એ સનાતન પુરુષોમાં શ્રી અરવિન્દનું સ્થાન રહેલું છે.

હિંદુ સંસ્કૃતિનો એક અત્યંત ગૌરવવંત અને અમૂલ્ય અંશ છે એની ઋષિ - પરંપરા. એક ફ્રેંચ વિદ્વાને શ્રી અરવિન્દને આપણા છેલ્લામાં છેલ્લા ઋષિ તરીકે વર્ણવ્યા છે.

શ્રી અરવિન્દની પ્રતિભા વિશાળ અને ઉન્નત છે. તેઓ કવિ છે, નાટ્યકાર છે, તત્ત્વજ્ઞાની છે, વિવેચક છે, વેદોના તથા ગીતાના અર્થદૃષ્ટા અને ભાષ્યકાર છે, ભારતની બ્રહ્મવિદ્યા અને પુરાણકથાના વાર્તિકકાર છે અને આ બધાં કરતાં પણ તેઓ કંઈક વિશેષ છે.વિશ્વરૂપ પરમાત્મા સાથે પોતાના અદ્વૈતનો સાક્ષાત્કાર પામેલા તે પરમ સંત છે.

વડોદરા કૉલેજના પ્રિન્સિપાલ મિ. એ.બી.કલાર્કે એક વાર મને કહેલું, 'તમે અરવિન્દ ઘોષને ત્યારે મળ્યા ખરા, પણ એમની આંખો તરફ તમારું ધ્યાન ગએલું ? એ આંખોમાં એક ગુપ્ત અગ્નિ છે, એક અગમ્ય પ્રકાશ છે. વિશ્વપારના દૂરદૂરના પ્રદેશો એ આંખો જોઈ રહી છે.'

શ્રી અરવિન્દના જીવને અલીપોર જેલના નિવાસ દરમિયાન એક તદ્દન જુદો જ પલટો લીધો. બ્રિટિશ સરકારે તેમના શરીરને બંધનમાં તો નાંખ્યું પણ તેમના આત્માને મોક્ષ મેળવી આપ્યો.

એ ઋષિનો આત્મા સ્વર્ગશિખરોમાં આરોહણ કરવા માંડે છે તેમ જ સમસ્ત પૃથ્વીમાં વિચરણ કરતો થાય છે. શ્રી અરવિન્દનો સ્થૂલ દેહ પોંડીચેરીમાં છે, પરંતુ તેમની

ચેતનાના પ્રભાવને આપણે સ્થળની કે કાલની સીમાઓમાં શું પૂરી શકીશું ?

શ્રી અરવિન્દનાં લખાણોમાં સાહિત્ય, તત્ત્વજ્ઞાન અને પરમાત્મ-સાક્ષાત્કારની સાધના એ ત્રણે તત્ત્વો પરસ્પરને ટેકો આપે છે. કવિએ 'બ્રહ્મ-સમાધિમાના તેજોમય પ્રદેશોનું' ગાન ગાયું છે. તત્ત્વજ્ઞાનીએ પોતાને થયેલા દર્શનને બુદ્ધિની પરિભાષામાં રજૂ કરવા પ્રયત્ન કર્યો છે, યોગીએ માનવચેતનામાં એક ઈષ્ટ પરિવર્તન સાધવા માટે એક સાધના, એક બહુવિધ યોગપદ્ધતિ નિપજાવી છે, સમાજશાસ્ત્રીએ આવતી કાલના જગતની પુનર્ઘટના કરવા માટે રહસ્યપૂર્ણ સૂચનો વેર્યાં છે, સર્જનશાલી વિવેચકે 'ભાવિ કવિતા'ના છંદોલયની ઝાંખી કરી છે.

'ઊર્વશી' 'પ્રેમ અને મૃત્યુ' અને 'સાવિત્રી' - એક કથા અને રૂપક, એ કાવ્યોનું સૌન્દર્ય અને મોહિની અંગ્રેજી સાહિત્યમાં પણ અન્યત્ર જડવાં મુશ્કેલ છે. 'અહના' તથા 'ઈલિયન ઉપર પ્રભાત'એ હેક્ઝામિટરમાં લખાયેલી મહાન રચનાઓ છે.

'વિશ્વનો વિકાસક્રમ વિવિધતાઓમાંથી પસાર થતોથતો એક સાદી એકતામાંથી સંકુલ એકતા પ્રત્યે ગતિ કરે છે. આખી માનવજાતિ એકતા તરફ ગતિ કરી રહી છે, અને એક દિવસ એ એકતા તેણે સિદ્ધ કરવાની છે. 'સંકુલ એકતા' (complex oneness) એ એક સુંદર શબ્દયુગલ છે. માનવજાતિમાં એમનું વિશિષ્ટ સ્થાન પરમ યોગી તરીકેનું છે, એમણે પરમ તત્ત્વનો પ્રકાશ પ્રાપ્ત કર્યો છે અને જગતને છૂટે હાથે આનંદપૂર્વક આપી રહ્યા છે. શ્રી અરવિન્દ છે 'દિવ્ય જીવન'ના પયગંબર. પોતાની આધ્યાત્મિક સાધના કઈ રીતની હતી તે વિષે તેમણે અલીપોર મુકદ્દમામાં તેમનો બચાવ કરનાર શ્રી ચિત્તરંજનદાસને એક પત્રમાં આ પ્રમાણે લખ્યું હતું : ''મને એ વસ્તુ વધુ ને વધુ સ્પષ્ટ થતી જાય છે કે માનવજાતિ જે એકના એક નિષ્ફળ ચક્રમાં આજ લગી અટવાતી રહી છે તેમાંથી નીકળવાનો તેને માટે એક જ માર્ગ છે. મનુષ્યે એક નવી ઉચ્ચ ભૂમિકા ઉપર પોતાની જાતને પહોંચાડવાની છે. આજે હવે મને એક ચોક્કસ પાયો મળી આવ્યો છે, એક વિશાળ જ્ઞાન મળ્યું છે, એ ગુહ્ય વસ્તુની કંઈક પકડ પણ હાથ આવી છે.''

શ્રી અરવિન્દ માને છે કે આપણે વિકાસ પામતા-પામતા ચૈતન્યની એક ઉચ્ચતર ભૂમિકામાં એક દિવસ જરૂર પહોંચવાના છીએ. આપણને એક એવા જગતમાં પહોંચાડશે કે જ્યાં જીવનનો પ્રવાહ સમતાથી અને નિર્મલતાથી વહેતો હશે, એ જીવન સંવાદ અને આનંદથી ભરેલું હશે. એ ક્રિયા અહીં આ પૃથ્વી ઉપર અને અત્યારની ક્ષણેક્ષણે ચાલી રહી છે. યોગ્ય સમયે માનવજાતિને એ 'નૂતન જીવન' પ્રાપ્ત થશે.

શ્રી અરવિન્દ - એ અમૃતત્વનો સ્વામી, આપણને અમૃતત્વનું અભયવચન આપી રહ્યો છે. શ્રી અરવિન્દ, જગતને તારી જરૂર છે, અને માટે જ તું હજી પણ અમારી વચમાં વિદ્યમાન છે.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

જીવન તરફ આપણું વલણ કેવું હોવું જોઈએ ?

પ્રકરણ - ૩

(Light for students - P. 11-19)

૧ આપણે એક વિશેષ - કાળમાં જન્મ્યા છીએ. આપણે નવા જગતના જન્મ-સમયે હાજર છીએ, તેથી આપણી પ્રગતિમાંના અવરોધોને સહજરીતે આપણે મહાત કરી શકીશું. પૃ.૧૧

૨ તેથી આ બાબતમાં પ્રત્યક્ષ અનુભવ ન હોય તો પણ આ વાસ્તવિકતા યાદ રાખવી મહત્ત્વની છે. દરેક ક્રિયા કરતી વખતે આ પાર્શ્વભૂમિને ભૂલવી ન જોઈએ. પૃ.૧૧

૩ આપણે આ નવા જગતનો ભાગ બની શકીએ છીએ. આ એક અદ્‌ભુત તક છે. પૃ.૧૧

૪ તે માટે તમારે સતત સભાન રહેવું પડશે, આપણી પ્રકૃતિ અને કાર્યોને જાણવાં પડશે. આપણી સહજ પ્રવૃત્તિઓ અને અંતસ્થ હેતુઓને ઓળખવાં પડશે, ગુપ્ત અને પ્રગટ બળોને જાણવાં પડશે. સારાંશ, પોતાના સમગ્ર સ્વરૂપનો ખૂણેખૂણો ઓળખવો પડશે, જેથી સાચા - નરસાની ઓળખ મળે. પૃ.૧૨

૫ પોતાને જાણવું એટલે પોતાના આંતિરક-સત્ય બાબત સભાન બનવું, જેથી પોતા ઉપર પૂર્ણ નિયંત્રણ મેળવી શકો. પોતાને પૂર્ણ જાણવો એટલે પોતા ઉપર સભાન અને પૂર્ણ નિયંત્રણ મેળવવું. પૃ.૧૨

૬ આ માટે હરક્ષણે તેવી અભીપ્સા સેવવી જરૂરી છે. પૃ.૧૨

૭ સભાન રહેવું એટલે નિરીક્ષણમાં પૂર્ણ દક્ષતા. તમારી કેન્દ્રિય ચેતના સાથે તમારી સભાનતાનું એન્ટેના સતત સંપર્કમાં રહેવું જોઈએ. પૃ.૧૪

૮ આપણે તદ્દન સ્વતંત્ર અને સંબંધવિહીન વ્યક્તિત્ત્વ નથી. જીવન એટલે વિવિધ બળોનો વિનિમય છે. આ બધું વાતાવરણમાંના ગેસ જેવું હોય છે. પૃ.૧૪

૯ સમૂહમાં સ્વતંત્ર વ્યક્તિત્વ ટકાવવા પૂરેપૂરી સભાનતા આવશ્યક છે. પોતાના કેન્દ્રિય ચેતનાની સભાનતાની આ વાત છે. પૃ.૧૫

૧૦ સમૂહની ચેતના વ્યક્તિની ચેતનાથી નિમ્ન કક્ષાની જ હોય છે. પૃ.૧૫

૧૧ આપણે દિવસમાં ઘણી વખત અભાન રીતે જ બોલીએ છીએ. પૃ.૧૬

૧૨ સદા અભીપ્સા સેવો, ''પ્રભુ, હું મારાથી ઉત્તમોત્તમ કરવા શક્તિમાન થાઉં'' પૃ.૧૬

૧૩ પ્રભુ પ્રત્યે આવો સમર્પિત સંકલ્પ હશે તો પ્રભુ જ જે સર્વોત્તમ શક્ય છે તે કરશે. પૃ.૧૬

૧૪ પૃથ્વી ઉપર આ ભૌતિક શરીરમાં તમે સંપૂર્ણ સભાન બનવા જ આવ્યા છો તેને પ્રભુનું વધુમાં વધુ સભાન સાધન બનાવો. તેણે (પ્રભુએ) તમારી યોગ્યતા મુજબનાં મન, પ્રાણ, શરીરરૂપી પદાર્થો આપેલાં છે. તેને વિકસાવવા જરૂરી પરિસ્થિતિ પણ આપી છે. તેને સમજો અને ઉપયોગ કરી લો.

૧૫ જે ગુણો આપણામાં ખીલવવાના છે તેની તદ્દન વિરુદ્ધના દુર્ગુણો આપણામાં જોવા મળશે. તે દુર્ગુણોને જીતી ગુણો ખીલવવા એ ખાસ હેતુ આપણા જીવનનો છે.

૧૬ જીવનમાંના બધા અવરોધો તે તમારા જીવનમાંના દુર્ગુણોને જીતવા માટે જ આપેલાં છે. પૃ.૧૮

૧૭ બીજા શું કરે છે અથવા કઈ ભૂલ કરે છે તે જાણવા સાથે તમારે કોઈ નિસ્બત નથી. આપણા દુર્ગુણો અને નબળાઈઓને જાણવી એ જ આપણા માટે જરૂરી છે. પૃ.૧૮

૧૮ તેથી ઓછું બોલો, વધુ કાર્ય કરો. પૃ.૧૮

૧૯ તમારી નબળાઈઓથી નિરાશ થતા નહીં, કમળ કાદવમાં જ ખીલે છે. પૃ.૧૮

૨૦ આપણામાં કેટલું પણ અજ્ઞાન હોય પણ આપણે આપણી અંતસ્તલમાં સર્વશ્રેષ્ઠ શુદ્ધતારૂપી આત્માને ધારણ કરી રાખેલો છે એ ભૂલતા નહીં. પૃ.૧૯

૨૧ એશો-આરામ, મોજશોખ, સુખની ખેવના રાખતા નહીં. વિકાસ અને પ્રગતિ માટેનો ધગધગતો અગ્નિ બની રહો. જીવનમાં જે કાંઈ આવે તેને તેમાં ઉપયોગી બનાવી લો. પૃ.૧૯

૨૨ દરેક વસ્તુ આનંદથી કરો. પૃ.૧૯

૨૩ જો તમે તેના સ્વભાવમાં બદલ લાવવા સક્ષમ ન હો તો અન્યના વર્તનની ટીકા ન કરો. પૃ.૧૯

૨૪ જે પણ કરો પોતાના જીવનનો સાચો હેતુ ભૂલશો નહીં, મહામૂલા જીવનને ઓળખો. પૃ.૧૯

આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન નવેમ્બરનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

રમતોત્સવનો મૂળહેતુ

સમજૂતી - માનસિંહ ચાવડા

કોમનવેલ્થ રમતોત્સવ આવ્યો અને ગયો. શરૂઆતમાં ખૂબ જ ટીકાટીપ્પણીઓ થઈ, પછી પણ થશે. ધનનો દુરુપયોગ, સમય-મર્યાદામાં ક્ષતિઓ, દિલ્હીના લોકોનો અસંતોષ વગેરેથી છાપાંઓ ભરાઈ ગએલાં. બધાં જ સરકાર ઉપર તૂટી પડ્યાં. બધું જ કાંઈ સાચું નહિ હોય, અને હોય પણ !

પણ એક બીજી જ વસ્તુ બરાબર નહોતી. ભૌતિક રીતે - ભારતીય જનતાની ચેતનાનું વરવું પ્રદર્શન થયું. આપણા ખેલાડીઓને આપણે પ્રોત્સાહન આપ્યું, પણ અન્યની સિદ્ધિઓને ન બિરદાવી શક્યાં. જો ખેલકૂદ બધાં જ લોકોમાં એકતા સ્થાપી શકતાં હોય તો તો તે આ વખતે યશસ્વી ન થયાં.

બીજી વાત, કોમેંટેટરનાં પક્ષપાતી ધોરણો બાબત. આપણા ખેલાડીઓ ક્યાંક ટૂંકા પડે - સિલ્વર કે બ્રોન્ઝ મેડલ જીતે, તો તેને તેઓ તદ્દન નગણ્ય ગણતાં. આવી વસ્તુ ખેલકૂદનો મૂળ હેતુનો જ નાશ કરે છે. બીજાનાં પરિશ્રમ અને સિદ્ધિઓને હેતુપૂર્વક દુર્લક્ષ્ય કરવા જેવું છે.

રમતો ખરેખર સારી હતી. જુદા જુદા સમાજનાં સ્તરોમાંથી આવતા યુવાન ખેલાડીઓ પૂરા એકદિલથી જોડાઈ ટીમવર્કથી રમતા જોવા એ પ્રાપ્તિ મેળવેલ ચમકદાર મેડલ કરતાં બહુમોલ હતી. રમતોત્સવમાં આ જ મહત્ત્વનું છે. ભવિષ્યમાં ભારતીયો તે મુક્ત પ્રશંસા, અને મુક્ત હૃદયની સ્પર્ધાનો ઉપયોગ કરીને માનવો વચ્ચેનો ભેદ વટાવી એકતા તરફ આગળ વધશે એવી આશા સેવીએ.

વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

આખ્યાન રહસ્ય
ઈન્દ્ર અને બૃહસ્પતિનું સાધનાકીય મહત્ત્વ

પ્રકરણ - ૧

વેદોમાં અનેક આખ્યાનો આવે છે. તે પ્રતીકાત્મક હોય છે. તેની દ્વારા સાધનાના કોઈ રહસ્યને સમજાવવામાં આવે છે.

આવું જ એક આખ્યાન ઈન્દ્રસભામાં થએલી ઘટનાનું છે.

એ સમયે બે પ્રખ્યાત ઋષિ હતા- ત્રિશિરા અને ત્રિત. બન્નેને ઈન્દ્રના સલાહકાર તરીકે નિમેલા. આ બાબતમાં નીચેના પ્રસંગો બનેલાં :

એક વખત ઈન્દ્રના પુરોહિત બૃહસ્પતિ કોઈ કારણસર ઈન્દ્રની સભામાં હાજર ન રહ્યાં. ઈન્દ્રની સભામાં મહત્ત્વનો મુદ્દો ઉપસ્થિત થએલો તેથી ઈન્દ્રને બૃહસ્પતિની સલાહની જરૂર હતી. તે ન મળતા તેમને ગુસ્સો આવ્યો. તેમણે બૃહસ્પતિને પુરોહિત પદેથી કાઢી નાંખ્યાં અને ત્રિશિરા ઋષિને તેમની જગ્યા ઉપર નિમ્યા.

ત્રિશિરા ઋષિ ત્વષ્ટાના પુત્ર. ત્વષ્ટા પોતે દેવ હોવા છતાં તેમણે દાનવરાજ વિરોચનની બહેન રચના સાથે લગ્ન કરેલાં. તેમનો પુત્ર ત્રિશિરા. તેને દેવ અને દાનવ બન્નેનો વારસો મળેલો. ઈન્દ્રની અપેક્ષા હતી કે તે દેવ-દાનવોના સંબંધ સુધારવામાં મદદરૂપ થશે.

ત્રિત ઋષિ વિભુવસુના પુત્ર. ત્રિતના માતાનું નામ આપોદેવી અથવા આખ્યા. આ ઋષિની એક કુટેવ. તેઓ સ્થિર રહી શકતા નહોતા. જીવનમાં ફેરફાર કરતા રહેવું એ તેમનો સ્વભાવ. પણ તેઓ યજ્ઞકાર્યમાં નિપુણ હતાં. તેમણે કણ્વ ઋષિના 'સોમયાગ'માં પુરોહિત, હોતા તરીકેનું પદ સાચવી તેમને પોતાની સભાના બીજા સલાહકાર તરીકે નિમેલા.

ઈન્દ્રસભાનું કામ તો પણ બરાબર ચાલતું નહોતું. ત્રિશિરા ઋષિ તે માટે મોટામોટા હવન કરાવતા, પણ તેનો પરિણામ દેખાતો નહોતો. ત્રિત ઋષિ તેમને

સારા સૂચનો કરતાં. રાજ્ય-કારભારની વાસ્તવિક ઊણપો પણ દર્શાવતાં પણ ત્રિશિરા તેમને અમલી કરી શકતા નહોતા.

એક દિવસ ઇન્દ્રના ગુપ્તચરો બાતમી લાવ્યા. ત્રિશિરા ઋષિ જેટલા પણ યજ્ઞ હવનો કરતાં તેમાં દાનવોનો પણ ભાગ ગુપચુપ રાખતા.

ઈન્દ્રે આ બાબતમાં ત્રિત-ઋષિ સાથે ગુફતગુ કરી. ત્રિતે કહ્યુંઃ રાજન્ આને કારણે જ આપના કાર્યમાં યશ મળતું નથી. ત્રિશિરાના દાનવોને ભાગ આપવાની પદ્ધતિ તત્કાળ બંધ કરાવો.

ઈન્દ્રે અંતે બૃહસ્પતિને માન સાથે બોલાવ્યા. ત્રિશિરાનું પુરોહિતપદ છીનવી લીધું, બૃહસ્પતિને આપ્યું ત્યારથી ઈન્દ્રને દરેક કાર્યમાં યશ મળવા લાગ્યું.

આ આખ્યાનનું રહસ્ય નીચે મુજબનું છેઃ

૧ ત્રિતનો વેદમાં અર્થ છે ત્રિલોક, અર્થાત્ ભૂર્ભુવઃ સ્વઃ અર્થાત્ શરીર, પ્રાણ અને મન. મન વિચારો, જ્ઞાન નિર્માણ કરવાનું સાધન છે. પ્રાણ ભાવનાઓ, વિકારો, ઈચ્છાઓ નિર્માણ કરવાનું અને શરીર કૃતિ નિર્માણ કરવાનું. આમ જ્ઞાન (મન) - ઈચ્છા (પ્રાણ) - કૃતિ (શરીર)થી આપણું જીવન ચાલતું હોય છે. જ્ઞાનથી ઈચ્છા અને ઈચ્છાથી કૃતિ રચાય છે. ઈચ્છા નિર્માણ થવા તે વસ્તુ બાબતનું જ્ઞાન જરૂરી છે અને કૃતિ - કર્મ નિર્માણ થવા માટે ઈચ્છાની જરૂર છે. આમ જ્ઞાન - ઈચ્છા-કૃતિ આ ત્રણ તબક્કાઓથી આપણા કર્મો રચાય છે.

આ ત્રિતનું સ્વરૂપ છે. ત્રિશિરા એટલે ત્રણ ગુણો - અર્થાત્ સત્ત્વ, રજસ્ અને તમસ.

આ ત્રણે ગુણો જો મન, પ્રાણ, શરીરમાં સતત નિર્માણ થતાં હોય તો મન, પ્રાણ, શરીર (ત્રિત) શુદ્ધ અને સ્થિર થવા શક્ય જ નથી. સત્ત્વગુણ સ્થિર થવો શક્ય નથી. તેથી જ ત્રિત ઋષિ ચંચળ અને અસ્થિર હોવાનું જણાવેલ છે.

જો સાધક ત્રિશિરાની જેમ ગુપ્ત રીતે પોતાના રજોગુણ અને તમોગુણને પોષણ આપે અર્થાત્ દાનવોને પોતાના જીવન-યજ્ઞનો ભાગ આપે તો તેથી ત્રિત - આપણા ત્રિલોક શુદ્ધ થવા જ શક્ય નથી.

ઈન્દ્રનું કાર્ય છે સાધકમાં સત્ત્વગુણ વધારી તેની ચેતનાને વધારે શુદ્ધ અને

(પૃ.૪૨ ઉપર)

સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

ભૌતિક જીવનમાં અતિમનસ યોગ

પ્રકરણ - ૪

(ખંડ-૨, પૃ.૪૨) (તા. ૯ એપ્રિલ ૧૯૨૩)

સમજૂતી - માનસિંહ ચાવડા

શિષ્ય : સામાન્ય જીવનમાં રહીને અતિમનસ યોગ કરી શકાય?

શ્રી અરવિન્દ : અતિમનસ - યોગમાં જીવનને સ્વીકાર્યું છે પણ હાલમાં છે તે જ સ્થિતિ નથી. હાલની સ્થિતિ એ વિકૃત-જીવનની સ્થિતિ છે. તેને દિવ્ય બનાવવું જરૂરી છે. દિવ્ય-જીવનમાં અતિમનસ યોગ શક્ય છે.

અતિમનસનાં લક્ષણો હવે દેખાવા માંડ્યાં છે. તેને હવે ભૌતિક જીવનમાં ઊતારવું જરૂરી છે. આ અવતરણ કરતા અતિમનસમાં ઊર્ધ્વારોહણ કરવું સહેલું છે, પણ તે ઊર્ધ્વારોહણમાં જીવન ઉપરનો કાબૂ ચાલ્યો જાય છે અને જીવનનું રૂપાંતર થતું નથી. આવા રૂપાંતર માટે અતિમનસનું અવતરણ જરૂરી છે.

એ વાત માનવી પડશે કે માનવ-જીવન ઉત્ક્રાંતિમાં મોખરે છે, તેથી તેની દ્વારા જ અતિમનસ વધારે પૂર્ણ રીતે પ્રગટ થશે એ નિશ્ચિત.

તે માટે આપણે સત્યની જ માગણી કરવી જોઈએ. સત્ય એટલે પરમ-ચેતના. જો તેમ ન કરીએ તો સાધકને માનસિક કે પ્રાણમય ભેળસેળવાળું કશુંક પ્રાપ્ત થશે. અત્યાર સુધીની આધ્યાત્મિક સાધનામાં આ દોષ રહ્યો છે, તેથી ઉત્ક્રાંતિને મર્યાદિત મદદ જરૂર મળી છે. દા.ત. વૈષ્ણવ ધર્મે સત્યને ભાવનાત્મક અને કલારસિકતા તરીકે પ્રગટ કર્યું, તેથી ભક્તિની લાગણીમાં વહી જવું એમાં જ તેમને કૃતાર્થતા લાગે છે. તેથી તેમની સાધના ત્યાં જ સ્થગિત થઈ ગઈ.

ઉપનિષદોને સત્યનાં દર્શન થએલાં પણ ક્યાંક ઊર્ધ્વ-ચેતનામાં તેને

નીચે લઈ આવવાનો વિચાર કે પ્રયત્ન બહુ દેખાતો નથી.

બીજું, અતિમનસને ભૌતિક જીવનમાં કાયમી સ્વરૂપે લાવી સ્થિર કરવું પડશે. જો અમુક વ્યક્તિઓ આ કરી શકશે તો અતિમનસ-શક્તિ પોતે પણ તેવું અહીં સ્થાયી થવાનું વલણ લેશે. તેથી તે પછીના સાધકોને તેનું અવતરણ કરાવવું સહેલું જશે.

આ અતિમનસ શક્તિનો ભૌતિક જીવનમાં પ્રવેશ સ્થાપિત શક્તિઓની સમતુલાને ભાંગી નાખશે અને તેથી અનેક સમસ્યાઓ સર્જાવાની જ છે. પણ તે એક અંતરિયાળ અવસ્થા અને તબક્કો જ હશે. તે તબક્કામાં અવતરણ વખતની બધી ખામીઓ પ્રગટ થશે અને તે આપણે નિવારવી પડશે અને પૂર્ણતા લાવવી પડશે. અતિમનસ અંતિમ તત્ત્વ નથી. તેની પેલી પાર પણ તત્ત્વો છે. તે અતિમનસ દ્વારા જ ધરતી ઉપર અવતરણ પામશે.

(પૃ.૪૦ ઉપરથી)

વેદવિજ્ઞાન

દિવ્ય-પ્રકાશમય કરવી. ઈન્દ્ર એટલે દિવ્ય-મન અથવા પ્રકાશમય મન.

ઈન્દ્ર વિશાળ - ચેતના સ્વરૂપ બૃહસ્પતિની સલાહ માનતા નથી અને તેને બદલે ત્રણે ગુણો - સ્વરૂપ ત્રિશિરાની સલાહ માનવા લાગ્યા. એ તેમની ભૂલ હતી, તેથી જ તેમનું રાજ્ય બરાબર ચાલતું નહોતું.

જ્યારે તેમણે ત્રિશિરાને ત્યાગ્યા અને બૃહસ્પતિને સલાહકાર તરીકે સ્વીકાર્યા ત્યારે જ તેઓ યશસ્વી થયા. સારાંશ, સાધનામાં સાધક દિવ્યમનનાં સંકલ્પના જોરે વિશાળ ચેતનામાં, બૃહસ્પતિમાં (બૃહત્=વિશાળ) રહેવાની સાધના કરશે તો જ તેના મન, પ્રાણ, શરીર આ ત્રિલોક શુદ્ધ થશે. તેના વિચારો, ભાવનાઓ અને કર્મો શુદ્ધ થશે. ચેતનાની વિશાળતા જ, નિર્લેપતા અને સમતાને વિકસાવે છે. તે સાધનાની મૂળભૂત જરૂરિયાત છે. તે જ શાંતિ સ્થાપે છે. આ કથા દ્વારા ઈન્દ્રનું સાધનામાંનું કાર્ય બૃહસ્પતિનું, વિશાળ ચેતનાનું સાધનાકીય મહત્ત્વ અને ત્રણ ગુણો (ત્રિશિરા) અને ત્રિત (ત્રણ લોક)ના શુદ્ધિકરણની પ્રક્રિયા જ દર્શાવેલ છે.

સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

(Integral Healing પૃ. ૬૭-૭૨)

અવતરણો

અવચેતન અને તેનું રૂપાંતર

1 It (Subconscient) is largly responsible for our illnesses (Chronic or repeated). P67

2 This subconscient must be Clearly distinguished from the subliminal parts of our being. P.67

3 (Subconscient is).... submerged part of our being in which there is no wakingly conscious and coherent thought, will or feeling or orgainised reaction. P.67

4 The subconscient influences the body because all in the body has developed out of the subconscient. P.67

5 For that reason the higher consciousness has to be brought down, the body and the subconscient enlightened by it and accustomed to obey its control. P.68

6 Subconscient means half-concious, not conscious and not unconscious. It is just between the two.P.68

7 By concentrating the Force and directing it on this defect you manage to make it disappear, but it does not disappear completely, it enters the subconscient. P.68

8 Unless you enter into this subconscient and change the subconscious into the conscious, it always happen like that. P.69

9 There is still more direct method, it is to enter the subconscient with one's full consciousness and work there..... yet, as this not done, all the progress one has made..... physically can always be undone. P.69

10 There could be many reasons (of suffering from..... illnesses year after year) e.g. when the stars come into the same position, the same conditions recur..... It can be an individual reaction to certain climatic conditions. It may be quite simply a bad habit. P69

11 If by chance, it has happened to you twice in succession then you form a formation in the subconscient...... If you accept the construction..... it will act automatically with clock work precision. (them) It (for mation) has entered the zone of active consiousness. P.70

12 Instead of destroying the memory (of the construction) one represses it..... pushed down into the subconscient and..... unconscient, still deeper. P70

13 If you are in pessimistic state, it will come back more strongly, if optimistic...much weaker.70

14 You need the force of a perfectly pure constructive light. P.71

15 All physical remedies are simply pulliative.... they are not cures. P.71

16 Sometimes this is done by a sort of order from above.

17 The complete immunity from all illness..... can only come by a total and permanent removal of the psychological roots of ill health. P.71

18 It is especially during the body's sleep that one is in contact with the subconscient. In becoming conscious of one's nights, control can of the subconscient, becomes much easier. The control can become total when the cells become conscious of the Divine..... That is what the consciousness that descended on the earth last year (1969) is working for. P.72

19 Little by little the subconscient automatism of the body is being replaced by the consciousness of the Divine Presence governing the entire functioning of the body. P.72

સમજૂતી - માનસિંહ ચાવડા

અવચેતન જ મુખ્યત્વે આપણી માંદગીનું કારણ છે. વિશેષતઃ ઘર કરી ગએલા ક્રોનિક રોગોનું. અવચેતનની બે લાક્ષણિકતા છે. તેની સ્મૃતિ યાંત્રિક સ્વરૂપની હોય છે અને અપરિવર્તનશીલ હોય છે. બીજું, તેને તે સ્મૃતિ વારંવાર વાગોળવાની, પુનરાવર્તન કરવાની ટેવ હોય છે.

અવચેતન આપણી જાગૃત - ચેતનાની નીચે પ્રચ્છન્ન રીતે, છુપાઈને રહેલ છે. તેની આંતરિક રચનામાં કોઈ સુ-સૂત્રતા હોતી નથી. વિચારો, ભાવનાઓ, શારીરિક ટેવોનું તે ભંડકિયું છે.

અવચેતન અને આંતર-સ્વરૂપ વચ્ચેનો તફાવત જાણી લેવો જરૂરી છે. આંતર-સ્વરૂપ પણ આપણા બાહ્ય-સ્વરૂપથી ઢંકાએલું હોવા છતાં તે આપણા બાહ્ય-સ્વરૂપ કરતાં આંતરિક-પ્રકાશથી વધારે પ્રકાશિત હોય છે અને તે ચૈત્યપુરુષ સાથે સંપર્કમાં હોય છે; જ્યારે અવચેતન તદ્દન તમોગ્રસ્ત, અંધકારમય અને ચૈત્યપુરુષનો સંપર્ક ગુમાવી બેસેલું હોય છે. આંતરસ્વરૂપની આંતરપ્રેરણા ચૈત્યપુરુષમાંથી આવે છે, જ્યારે અવચેતનની પ્રેરણાઓ તેણે છુપાવી રાખેલાં ઘડતરોમાંથી આવતી હોય છે.

આપણા શરીરની રચનામાં આ અવચેતને મહત્ત્વનો ભાગ ભજવેલ હોય છે, તેથી તેનો પરિણામ પણ શરીર ઉપર વધારે પડતો હોય છે. અવચેતનનો નાશ કરવા

માટે અથવા તેનું રૂપાંતર કરવા માટે ઊર્ધ્વ-ચેતનાના પ્રકાશને અવચેતનમાં ઊતારીને તેની બધી વિગતો બાબત સભાન બનવાનું હોય છે. આ સભાનતા જ તેને પ્રકાશિત કરે છે અને ઊર્ધ્વ-ચેતનાને અનુસાર તેને ઢાળ આપે છે.

અવચેતન એ અર્ધજાગૃત અવસ્થા છે. તે પૂર્ણ સભાન પણ નથી અને પૂર્ણ અભાન પણ નથી. તે બન્ને વચ્ચેનો અર્ધજાગૃત પ્રદેશ છે. સંકલ્પબળે દિવ્યપ્રકાશ અને શક્તિને કુટેવો ઉપર સ્થિર કરવાથી તે કુટેવ નષ્ટ થાય છે, પણ તેનું ઘડતર ડૂબકી મારી અવચેતનમાં જઈ છુપાઈ જાય છે અને અવસર પ્રાપ્ત થતા જ ઉછળીને બહાર આવે છે. જ્યાં સુધી આપણે અવચેતનને જાગૃત સચેતન-અવસ્થામાં રૂપાંતર ન કરી શકીએ ત્યાં સુધી આ પુનરાવર્તન ચાલુ જ રહે છે. તે માટે રાતની ઊંઘને, નિદ્રાને સભાન બનાવવાનો અભ્યાસ કરવો જરૂરી છે.

અવચેતનનો નાશ કરવાની બીજી સીધેસીધી પદ્ધતિ પણ છે. તે છે પૂર્ણ સભાનતા સાથે અવચેતનમાં નીચે ઊતરવું અને ત્યાંનાં ઘડતરોમાં જરૂરી ફેરફાર સંકલ્પબળે કરવો. ત્યાં સુધી શરીરમાં કરેલા સુધારા કે પ્રગતિ શાશ્વત ટકતી નથી.

ઘણી માંદગીઓ નિશ્ચિત સમયે પુનરાવર્તન પામતી હોય છે. આને જડઘાલી ગએલી માંદગી કહેવાય છે. આના અનેક કારણો હોઈ શકે છે. દા.ત.

જન્મકુંડલીમાં જન્મના ગ્રહની સ્થિતિ મુજબ હાલનો ગોચર ગ્રહ આવે તો જન્મ સમયની પરિસ્થિતિ જેવી સ્થિતિ ફરી સર્જાય છે. તે કોઈ એલર્જી હોઈ શકે, જેમાં બાહ્ય વાતાવરણ બાબત તીવ્ર પ્રતિક્રિયા દર્શાવાય છે. તે કદાચ ઘરઘાલી ગએલી જૂની ટેવ પણ હોય.

અવચેતન આમાં નીચે મુજબ પોતાનો ભાગ ભજવે છે. કોઈ ઘટના સમાન સંજોગોમાં કે સમયે પુનાવર્તિત થાય તો મન તેમને જોડીને એક મનો-પ્રાણમય ઘડતર રચે છે. તે ઘડતર અવચેતનમાં છુપાઈને તેવી સમાન પરિસ્થિતિ નિર્માણ થતાં જ અવચેતન તેનું વારંવાર પુનરાવર્તન કરવા માંડે છે. ''સમય આવી ગયો છે. હવે મને આમ થશે જ'' બસ, સૂચન જ માંદગી લાવે છે. તે ઘડતર ઉપર જાગૃત ચેતનામાં આવી માંદગી નિર્માણ કરે છે. કોષો ઉપર પોતાના આંદોલનો મોકલી તેમને પોતાનું સૂચન મુજબ વર્તવા ભાગ પાડે છે. તે માંદગી નિર્માણ કરે છે.

આ અવચેતનમાંના ઘડતરનો નાશ કરવો અથવા તેમાં ફેરફાર લાવવાથી તે રોગને નિયંત્રિત કરી શકાય છે. નિરાશા આવા ઘડતરોમાં જોમ પૂરે છે. આશા નબળું

પાડે છે.

આ માટે પૂર્ણ શુદ્ધ રચનાત્મક સભાનતાની જરૂર છે. તે ઘડતરને નીચે મુજબ બદલી શકે છે. વિશ્વાસથી રચનાત્મક કલ્પનાચિત્રો રચવાથી તેમાંથી નિર્માણ થતું ઘડતર રચાય છે, જે અવચેતનમાં જઈને પેલા જૂના ઘડતર સાથે જોડાઈને તેમાં જરૂરી ફેરફારો કરે છે તેથી વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે અને તે જૂના ઘડતરનાં પ્રભાવમાંથી મુક્ત થાય છે; તેથી રોગમુક્ત થાય છે. આ પ્રક્રિયા લાંબો સમય ચાલવી જરૂરી છે. બીજી પદ્ધતિમાં ઊર્ધ્વ ચેતનાનો આદેશ છૂટે છે અને અવચેતનને બદલવું માત્ર પડે છે.

અવચેતન સંપૂર્ણ રીતે સભાનતામાં લાવવાથી માંદગીનાં બધાં સૂચનોનો નાશ કરીને કાયમી તંદુરસ્તી મેળવી શકાય છે. તેમાં રોગનાં બધાં માનસિક, પ્રાણમય કારણોનો નાશ કરવામાં આવે છે.

વ્યક્તિ ઊંઘતી હોય ત્યારે તે સ્વપ્ન દ્વારા અવચેતનનાં સંપર્કમાં આવે છે. આ સપના દરમિયાન સભાન રહેવાનો અભ્યાસ આપણને સપનામાં પોતાના સૂચનો મુજબ ફેરફાર કરી અવચેતનનાં ઘડતરોનો નાશ કરી શકાય છે. ૧૯૬૯માં જે પ્રકાશ અને શક્તિનું અવતરણ થયું તે આ પ્રકારની ક્ષમતા ધરાવતી હતી. તેની મદદ લેતાં શીખવું પડશે.

(પૃ.૪૮ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

દ્વારા તમારાં ચિત્તમાં અંતઃપ્રજ્ઞાના પ્રવાહ તરીકે ઊતરી આવશે. શાંત ચિત્તમાં પ્રતિબિંબને ઝીલી લો. તે અંતઃપ્રજ્ઞા ચિત્તદ્વારા પોતાની પ્રેરણા મોકલી તમને આંતરિક રીતે જ બધું સમજાવી દેશે. તમને તે સમજણ અંદરથી ઊગી નીકળતી અનુભવાશે. શાંત, સ્થિર બુદ્ધિ તેને પોતાની સ્પષ્ટ અભિવ્યક્તિનાં શબ્દો આપશે. તમને જે વાંચ્યું હતું તેનો ગહન અર્થ સમજાઈ ચૂકેલો હશે. તે જ્ઞાન ઇન્દ્રિયોથી જ મેળવેલ છાપસ્વરૂપ જ્ઞાન કરતાં અને બુદ્ધિએ તર્કથી મેળવેલ મંદ સમજણ કરતાં ઝળહળતા આત્મવિશ્વાસના પ્રકાશથી પૂર્ણ ખાતરીભર્યું અનુભવાશે. તેને જ આંતર-જ્ઞાન કહે છે. વિસંવાદ, અણસમજણથી ભરેલું ઇન્દ્રિયજન્ય જ્ઞાન સહુથી પ્રાથમિક અવસ્થાનું છે. તર્કયુક્ત જ્ઞાન તેથી થોડું વધારે સુસંગત અને સ્પષ્ટ હોય છે. પણ ખાતરીમાં શંકાશીલ. આંતરજ્ઞાન શંકા વિરહીત, સ્પષ્ટ અને સત્યજ્ઞાન હોય છે.''

શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો

- શ્રી માતાજી

Aphorisms

(માતૃવાણી ભા-૧૦, પૃ.પ-૧૦)   પ્રકરણ-૨

અંતઃપ્રજ્ઞાની શ્રેષ્ઠતા

સમજૂતી - માનસિંહ ચાવડા

''અંતઃપ્રજ્ઞાની પાતળી તેજસ્વી નદી વિસ્તૃત અને શાશ્વતજ્ઞાનનાં ધામોમાંથી ધસી આવે છે. તર્કયુક્ત બુદ્ધિનું જ્ઞાન, ઈન્દ્રિયજન્ય જ્ઞાન કરતાં ચડિયાતું હોય છે. પરંતુ આ અંતઃપ્રજ્ઞા તો તેનાથી પણ વધુ પૂર્ણરીતે ચડિયાતી છે'' (૨)

''માતાજી, અંતઃપ્રજ્ઞાની પાતળી તેજસ્વી નદી એટલે શું?''

''બેટા, પરમ-ચેતના સાથે તેની જ્ઞાન-શક્તિ અને સર્જન-શક્તિરૂપ પ્રજ્ઞા એકરૂપ છે. પરમ-ચેતના અસીમ પ્રકાશમય ચેતના-સ્વરૂપ શુદ્ધ અસ્તિત્વ છે, તેથી પ્રજ્ઞા પણ અસીમ છે, પ્રકાશમય છે, જ્ઞાન ધરાવે છે અને તે મુજબ સર્જન પણ કરે છે. તે સમગ્ર વિશ્વને આવરી લેતી ઊભી છે.

આપણું વ્યક્તિસ્વરૂપ તો મર્યાદિત છે, નબળું છે. તેના જ્ઞાનધારક તત્ત્વો પણ સાંકડાં છે, તેથી તે પ્રજ્ઞાના વિશાળ મહાસાગરમાંથી એક નાનકડી ધારા આપણા સ્વરૂપમાં, જો આપણે વિકાસ સાધેલો હોય તો ઊતરી આવે છે અને તે આપણા સ્વરૂપની પાછળ, અંદર અને ઊર્ધ્વમાં આવીને સ્થિર થએલી હોય છે. તે આપણા સ્વરૂપમાં પ્રવેશેલી હોવાથી તેને પેલી મૂળ અવૈયક્તિક, વૈશ્વિક, વિશાળ, સર્વવ્યાપી પ્રજ્ઞાથી જુદી જાણવા આપણી અંદરનો પ્રજ્ઞાનો એક અંશ અર્થાત્ અંતઃપ્રજ્ઞા કહે છે. આ પ્રજ્ઞા અંદરથી કાર્ય કરતી હોવાથી પણ તેને 'અંતઃપ્રજ્ઞા' કહે છે. તે આંતર-પ્રેરણા નિર્માણ કરીને આપણને મદદરૂપ થાય છે. તેમાં મૂળ પ્રજ્ઞાનો પ્રકાશ તો હોય જ છે, તેથી તેને તેજસ્વી કહી છે. આપણા સાંકડા સ્વરૂપને કારણે તે પાતળી નદીની ધારા જેવી લાગે છે. વેદો આમને 'સ્વર્ગની નદીઓ' તરીકે વર્ણવે છે. ઊર્ધ્વમાંનું જ્ઞાન આપણામાં વહી આવતું હોવાથી તેને નદીની ઉપમા આપેલી છે. જેમ નદીનો ઉગમ ઊર્ધ્વ પ્રદેશમાં હોય છે તેમ આ અંતઃપ્રજ્ઞાનો ઉગમ પણ ઊર્ધ્વમાં જ છે.''

''માતાજી, તે વિસ્તૃત અને શાશ્વત જ્ઞાનનાં ધામોમાંથી ધસી આવે છે એટલે શું?''

''બેટા, પરમ-ચેતનાના સનાતન અસીમ પ્રદેશમાંથી તે આવતી હોવાથી તેને વિસ્તૃત અને 'શાશ્વત' શબ્દોથી સૂચવેલ છે. પ્રજ્ઞાશક્તિનો સંકલ્પ જ માનવો દ્વારા પ્રગટ થવાનો હોવાથી તે તેનું નૈસર્ગિક કાર્ય ગણાય છે. તેથી 'ધસી આવે છે' એ શબ્દ પ્રયોગ દ્વારા આપણી અપૂરતી પ્રગતિ છતાં કૃપાના માધ્યમથી તે આવે છે; એમ સૂચવેલ છે. બીજું, તેનો આપણામાંનો આવિર્ભાવ આપણા માટે અનપેક્ષિત હોવાથી તે આપણને તેનું ધસી આવવા જેવું લાગે છે.''

''માતાજી, શું અંતઃપ્રજ્ઞા ચૈત્યપુરુષ મારફત ધસી આવે છે?''

''હા, સામાન્ય રીતે ચૈત્યપુરુષ જ આપણી ઊર્ધ્વ ચેતનાનાં સંપર્કમાં પ્રથમ આવતો હોય છે.

પણ જો સાધકે પ્રગતિ કરી હોય અને મસ્તક ઉપરની ઊર્ધ્વ-ચેતનાના સંપર્કમાં મુકાઈ ગએલો હોય તો તે ઊર્ધ્વ-ચેતના દ્વારા પણ આપણામાં પ્રવેશી શકે છે.''

''માતાજી, અંતઃપ્રજ્ઞાની ગુણવત્તા ભિન્ન ભિન્ન પ્રકારની હોય છે ખરી?''

''અંતઃપ્રજ્ઞા કાયમ શુદ્ધ સ્વરૂપની જ હોવાથી તેમાં ગુણવત્તાનો કોઈ તફાવત હોતો જ નથી.''

''હા, માનવની પ્રકૃતિની શુદ્ધતામાં તફાવત હોવાથી તે જુદી જુદી કક્ષાની ભાસે છે. વળી તેનો ઉપયોગ તમે કયા કાર્યમાં કરો છો, તેને લીધે પણ ગુણવત્તામાં આપણે વ્યવહારુ તફાવત પાડીએ છીએ. પરંતુ અંતઃપ્રજ્ઞા તો સદા શુદ્ધ, સમર્થ અને એક સરખી જ હોય છે.''

''માતાજી, અંતઃપ્રજ્ઞા અને સ્વયંપ્રજ્ઞા (મૂળ-પ્રજ્ઞા) વચ્ચે શું તફાવત છે?''

''બેટા, તે પ્રશ્ન ગયા વિચાર-સૂત્રમાં આપણે જોયો જ છે. બન્ને ભિન્ન છે. એક સંપૂર્ણ છે, બીજો વ્યક્તિમાં પ્રગટ થએલો તેનો અંશ અથવા વિશિષ્ટ આવિર્ભાવ છે.''

''માતાજી, અંતઃપ્રેરણા વિકસાવવાની કોઈ પદ્ધતિ છે?''

''હા, સર્વસાધારણ પદ્ધતિ નીચે મુજબની છે:

૧ તમારી વિખેરાએલી ચેતનાને પોતાની ચેતના ઉપર એકાગ્ર કરો.

૨ મનને શાંત, નીરવ કરો. ફક્ત તમારી સભાનતા જ અનુભવાય એવી અવસ્થા રચો.

૩ જે વાંચતા હો તેની ઉપર તે એકાગ્રતાને સ્થિર કરો પણ પોતાની નીરવતા ટકાવી રાખો.

૪ ઊર્ધ્વમાંની પ્રજ્ઞા તમારી નીરવતાના અને પ્રકાશમય સભાનતાના માધ્યમ

(પૃ.૪૬ ઉપર)

શ્રી અરવિંદ

આપણા તત્ત્વો તણા દેવો વિચારોને ઘાટ આપતા,
તેમની સમજણનો અલ્પભાગ આપણો બનાવતા,
ન લાગે આત્માને વિશાળ આ પથ સાધનાનો
ઊંચાઈ આંબતો શ્રમ આ માનવી આશાઓનો.

Their deties shape our greater thinking roads,
A fragment of their puissance can be ours:
These breadths were not too broad for our souls to range,
These heights were not too high for human hopes.

Savitri B-2, C-11, P-265

બ્રહ્મચારિણી

શૈલપુત્રી બહિર્મુખ રહે, જીવન પશુ સમાન,
પણ તે અંતર્મુખ થએ, બ્રહ્મચારિણી રૂપ તું જાણ. ॥૧॥

બ્રહ્મ પરમ-ચેતના, ત્યાં આંતર-માર્ગે જવાય,
ચેતના આંતરમુખ થતાં, બ્રહ્મ-માર્ગે તે ચડી જાણ. ॥૨॥

તેથી તે બ્રહ્મચારિણી, જાએ બ્રહ્મ પ્રતિ,
બ્રહ્મ તરફ અભિમુખ થવું, એ બ્રહ્મચર્યની ગતિ. ॥૩॥

બાહ્ય-જીવનના સંઘર્ષો અતિ, થકવે રોજ બરોજ,
અંતે તે આંતર-ગતિ કરે, સુખશાંતિની એ ખોજ. ॥૪॥

પ્રથમ તેને ભેટતાં, આવેગ વિકારનાં પૂર,
તેને રોકી ટાળવાં, નૈતિક-જીવન જીવે ભરપૂર. ॥૫॥

આંધી અંદર ઘૂઘવતી, પણ બાહ્ય-જીવન કરે સુરેખ,
સંસ્કૃત જીવન જીવવા, પાપ-પુણ્યનો કરે વિવેક. ॥૬॥

ચેતના દિશા પલટતી, એ છે મહત્ત્વની વાત,
આંતર-જીવનને ખેડતી, એ નવી ચેતનાની ભાત. ॥૭॥

(બ્રહ્મચારિણીના આ સ્વરૂપમાં માળા, કમંડલ એ વિવેક, વૈરાગ્ય, તપશ્ચર્યાનાં પ્રતીક છે, સાદી ધવલ સાડી સાત્ત્વિક-જીવન દર્શાવે છે. આભૂષણો તરીકે કમળ એ ચેતનાના વિકાસને જ મૂલ્યવાન ગણવાનો ભાવ છે. વાહન નથી તે જીવન વિષેની નિર્લેપતા દર્શાવે છે, આત્મનિર્ભરતા દર્શાવે છે.)

સહજ-સત્સંગ

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH